ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી

વિવિધ જ્ઞાન ગ્રંથમાળા.

(મણકો ૬૨ મો.)

નવલકથા વિષે ચર્ચા.

લખનાર,

નારાયણ હેમચંદ્ર.

અમદાવાદ

શ્રી "જૈન" પ્રિન્ટિંગ પ્રેસમાં શા. જેઠાલાલ દલસુખરામે છાપ્યું.

કિંમત ૪ આના.

ભાવનગરાધિપતિ મહારાજા શ્રી ભાવસિંહજી વિવિધ જ્ઞાન

ગ્રંથમાળામાંનાં આ લખનારનાં પુસ્તકો.

અનુક્રમ.		કિંમત.
૧	વિવિધ જ્ઞાન. ...	૦॥
૨	રત્નાવળી ...	૦॥
૩	રોમિયો અને જ્યુલિયટ. ...	૦॥
૪	અપસ્વપ્ન તત્વ...	૦॥
૫	હસ્તતત્ત્વ વિવેક	૦॥
૬	નાની મીઠી વાર્તા.	૦॥
૭	વાસવદત્તા.	૦॥
૮	સૌન્દર્ય તત્વ...	૦॥
૯	પ્રેમ તત્વ	૦॥
૧૦	કમળ કુમારી	૦॥
૧૧	ઐન્જિક તત્વ	૦॥
૧૨	કાલિદાસ અને શેક્સપિયરની તુલના	॥
૧૩	કવિ તત્વ	૦॥
૧૪	કાવ્ય તત્વ ...	૦॥
૧૫	હૃદય તત્વ	૦॥
૧૬	ઇશ્વિર જ્ઞાન ...	૦॥
૧૭	ધર્મ જ્ઞાન	૦॥
૧૮	અધ્યાત્મિક વિજ્ઞાન તત્વ ...	૦॥
૧૯	જયસિંહ	૦॥
૨૦	વિવિધ મીઠી વાર્તાઓ ...	૦॥
૨૧	સંસાર ધર્મ નીતિ	૦।
૨૨	અવગુણપર ગુણ	૦।
૨૩	સૃષ્ટિ ઉત્પત્તિ તત્વ.	૦।
૨૪	સૂર્ય ...	૦।
૨૫	કર્ણસુંદરી ...	૦।
૨૬	જીવોત્પત્તિ તત્વ	૦।
૨૭	બ્રહ્માંડ તત્વ ...	૦।=
૨૮	ગાયન તત્વ ...	૦।
૨૯	મૃણાલિની ...	૦॥
૩૦	રાજ્ય ઉત્પત્તિ તત્વ	૦।
૩૧	સમાજ ઉત્પત્તિ તત્વ	૦।
૩૨	રામ ચરિત. ...	૦।=
૩૩	વૈદિક આર્યસમાજ	૦।=
૩૪	પૃથ્વી ઉત્પત્તિ તત્વ	૦।
૩૫	સુંદરલાલ ...	૦।
૩૬	મનુષ્યોત્પત્તિ તત્વ	૦।
૩૭	રજપુત ટેક વાર્તા	૦।
૩૮	ધર્મ તત્વ ...	૦।
૩૯	કેટલીક વાર્તા....	૦।
૪૦	કર્પૂરમંજરી ...	૦।
૪૧	કોહિનુર ...	૦।
૪૨	હિંદુશાસ્ત્ર—વેદ સંહિતા. ...	૦।=
૪૩	વિશ્વ ઉત્પત્તિ તત્વ.	૦।
૪૪	નાટકતત્વ ...	૦॥
૪૫	હસવા રોવાનું તત્વ	૦।
૪૬	બદરૂદીન ...	૦।=
૪૭	સ્ત્રીસદ્બોધ વાર્તાવળી	૦
૪૮	તારામંડળ	૦।
૪૯	ફુલદાની અને બીજી વાર્તાઓ	૦।
૫૦	જુની પુરાની વાર્તાઓ	૦।
૫૧	ધર્મ બંધુ	૦।
૫૨	હિંદુશાસ્ત્ર—અઢાર પુરાણ	૧॥
૫૩	હિંદુશાસ્ત્ર—રામાયણ	૧॥
૫૪	ઉછળતો પ્રેમ	૦।=
૫૫	પાંચ વાર્તા	૦।
૫૬	પ્રિયદર્શિકા	૦।
૫૭	હિંદુશાસ્ત્ર—બ્રાહ્મણ, આરણ્યક અને ઉપનિષદ	૦।=
૫૮	વિજયસિંહ	૦॥
૫૯	મનુષ્ય જ્ઞાન	૦।
૬૦	સ્મૃતિ વર્દ્ધન શાસ્ત્ર	૦।
૬૧	ઇશ્વિરોપાસના	૦।
૬૨	નવલકથાવિષે ચર્ચા	૦।
૬૩	લગ્ન ઉત્પત્તિ તત્વ	૦।

(મુંબાઇ. કાંવસજી પટેલ તળાવ) નારાયણ હેમચંદ્ર.

અનુક્રમ.

નારાયણ હેમચંદ્રનાં નવલકથાનાં પુસ્તકો.

ઉછળતો પ્રેમ	૦।	લક્ષ્મી	૦॥।
સંન્યાસ	૦॥	શિવલાલ	૦॥।
પાંચ વાર્તા	૦।	મા અને દીકરી	૦॥।
વિજયસિંહ	૦॥	હીરાકંઠી	૦॥।
પ્રિયદર્શિકા	૦।	નર્મદા	૦॥।
જુની પુરાની વાર્તા(૪વાર્તા)	૦।	કમળ	૦॥।
ફુલદાની અને બીજી વાર્તા	૦।	સ્નેહ કુટીર (૫ વાર્તા)	૦॥।
સ્ત્રી સદ્‌બોધ વાર્તાવલિ	૦।	નંદકોર	૦॥।
બદરૂદીન	૦।≈	માણેક	૦॥।
કોહિનુર	૦॥	પ્રેમ કથા (૫ વાર્તા)	૦॥।
કેટલીક વાર્તા (૫ વાર્તા)	૦।	કૃષ્ણલાલનું વિલ	૦॥।
કર્પૂરમંજરી	૦।	ફુલની માળા	૦॥।
રજપૂત ટેક વાર્તા (૭વાર્તા)	૦।	વિષ વૃક્ષ	૦॥।
સુંદરલાલ	૦।	યોગ જીવન	૦॥।
રામચરિત	૦।≈	શરતચંદ્ર	૦॥
મૃણાલિની	૦॥	જીવન સંધ્યા	૧
કર્ણસુંદરી	૦।	વૈદ્યકન્યા	૦।≈
સ્નેહતરંગ (૧૩ વાર્તા)	૦॥	હૃદયવિકાસ (૫ વાર્તા)	૦।≈
અવગુણપર ગુણ.(૫ વાર્તા)	૦।	ઉત્તરરામ ચરિત (વાર્તા)	૦।≈
જયસિંહ	૦॥	જીવન પ્રભાત	૧
વિવિધ મીઠી વાર્તા (૬વાર્તા)	૦॥	દુર્ગેશનંદિની	૦॥
કમળ કુમારી	૦॥	માલતી માધવ	૦।≈
પ્રેમ તરંગ (૧૮ વાર્તા)	૧॥	વિક્રમોર્વશી	૦।
વાસવદત્તા	૦॥	શકુન્તલા	૦।
નાની મીઠી વાર્તા (૮ વાર્તા)	૦॥	ગંગા ગોવિંદ સિંહ	૦॥।
રોમિયો અને જુલિયટ	૦॥	વનવાસિની	૦।)−
રત્નાવળી	૦॥	સંન્યાસી	૦॥
રાજર્ષિ ગોવિંદ માણિક્ય	૦॥।	ઉભરાઇ જતો પ્રેમ	૦।≈
મણિબાઇ	૦॥।		

(મુંબઈ. ગીરગામ પોસ્ટ) નારાયણ હેમચંદ્ર.

નવલકથા વિષે ચર્ચા.

નવલકથા એ શું છે ?

નવલ કહેતાં ચમત્કારી વાર્તા છે. જેમાં આશ્ચર્યકારક બનાવ ઘણો હોય, તથા વાંચતાં પહેલેથી આખર સુધી વાંચનારને ઠેકઠેકાણે નવાઇ લાગે એવી જાતની જે ચોપડી છે તેને અંગ્રેજીમાં "નાવલ" એવી સંજ્ઞા છે. નાવલ એટલે નવાઇઓ એવા અર્થનું સરખાપણું ગૂજરાતીમાં હોવાથી એવી ચોપડીઓનું તેજ નામ રાખ્યું હોય તો કંઇ ખરાબ નથી. અને તેથી હાલમાં આપણા વાર્તાનાં પુસ્તકોને નવલ કથા કહેવામાં આવે છે સંસ્કૃતમાં એવી જાતનાં પુસ્તકો વિરલ છે. સુબંધુ નામના કવિની વાસવદત્તા, દંડીનું દશ કુમાર ચરિત્ર, બાણ કવિની કાદંબરીના જેવા કેટલાક નાવલો સંસ્કૃત ભાષામાં છે. પરંતુ નાવલો ગદ્યાત્મક હોવા જોઇએ એવો નિયમ કરવામાં આવે તો સંસ્કૃતમાં ઘણા નાવલો મળત. અથવા શાસ્ત્ર વિષયના ગ્રંથોને ગણવામાં આવે તો સર્વ સંસ્કૃત ગ્રંથોને નાવલ કહેવામાં શું કંઇ પણ હરકત છે ? ચાર વેદ, અઢાર પુરાણ તથા બધા કાવ્ય એ શું નાવલ નથી ?

આદિ કાવ્ય જે વાલ્મીકિ રામાયણને આપણે શું નામ આપવું ? તે શું નવલકથા નથી ? રામચંદ્રના જેવા બહાદુર પુરૂષનું ચરિત્ર એકત્ર વાલ્મીકિએ કેટલી સરસ આખ્યાયિકા રચી છે ! એક વખત રસિક પુરાણિક રામાયણની કથા કહે છે તે વેળાએ હજારો માણસ તાજુબીથી ગરકાવ થઇ રહે છે ! આ શું તે કથાનું માહાત્મ્ય અથવા કવિની શક્તિ છે ? એવું કહેવામાં કંઇ હરકત નથી કે રામકથાની માધુર્ય વાલ્મીકિના મોંમાંની તે-

મજ મહાભારત તે શું કંઇ સામાન્ય નવલકથા છે ? નવલકથાનો કેવળ સમુદ્ર છે ! તેમજ અઢાર પુરાણો તથા શ્રીમદ્ભાગવત એ એક એકના કરતાં એક સરસ તથા મનોરંજન નવલકથાઓ છે.

મહાભારત, ભાગવત, રામાયણ તથા બીજા પુરાણોમાં મનોરંજનનું બીજ એટલુંજ છે કે તેમાં અદ્ભુતનો ખજાનો ઘણો છે. પ્રાચીનકાલે મોટા માણસનું ચરિત્રો લોકો એક બીજાને ગાઇ દેખાડતા હતા. જેમ હાલમાં કેટલાક બ્રાહ્મણો વાતો કરે છે તથા ભાટો ચારણો મોટાના ગુણ ગાઇને વાતો કરે છે, તથા લોકોના મનરંજન કરે છે. તેમજ પહેલા ભાટ, બંદી, બરોઠ ગામે ગામ વીરના ચરિત્રો ગાતા કરતા હતા, અને તેના ઉપર પોતાનાં નિર્વાહ કરતા હતા. હાલમાં પણ કેટલાક મારવાડના લોકો ભાટો મુંબાઇમાં આવીને હલકાં લોકોને રીજવે છે તે મેં ઘણીક વખતે કુંભારવાડાની છેલ્લી ગલીમાં જોયું છે. એક નાની સારંગી લઇને વખતો વખતે ગાઇને પછી કથા કહે છે તે બહુ રસ ઉપજાવે છે, હજુ ગુજરાતમાં બારોટ છે તેની પાસેથી ઘણાક મોટા મોટા લોકોના વંશની માહિતી મળે છે. એ વંશ ચરિતના ઉપર પોતાનો ગુજારો કરે છે. આમ હોવાથી લોકોનું મન રીઝાવવાનું તેને સ્વરૂપ આપવું પડે છે. અર્થાત્ અલૌકિક વાતનો તથા અદ્ભુતનો થોડો થોડો પ્રવેશ થયો હશે એવા અદ્ભુત મિશ્રિત થયલા ચરિત્રો વ્યાસના જેવા મહાકવિનો હાથ લાગ્યાથી અતિશયોક્તિ વગેરે મરચું મીઠું લગાડીને હાલના પુરાણમાં વર્ણેલું છે. તે સ્વરૂપમાં આવે તેમાં નવાઇ તે શી ? રામાયણ પણ વાલ્મીકિયે રચ્યું, તે વખતે સો કરોડ બત્રીસ અક્ષરના શ્લોકો હતા એટલો ગ્રંથ હતો. તે તેણે રામના દીકરા કુશલવને ગાતા શીખવ્યું અને તેનાથી ગવાડયું આ બાબતમાં કાળની તથા સત્યની કેટલી ગડબડ હશે તે કોણ જાણે પરંતુ એટલું ખરૂં હોવાનો સંભવ છે કે રામના વિષય ઘણી વાતો પ્રસિદ્ધ હતી, તે વાલ્મીકિ ઋષિયે એટત્ર કરીને તેમાં અલંકારથી યુક્ત એવી કવિતાનું રૂપ આપ્યું; તથા

પછીથી ઘણાક લોકો ગાઇને દેખાડવા માટે મોઢે કરતા હતા. એવી રીતે ઘણીક કથાઓ આરંભમાં સામાન્ય હોય છે તે આગળ જતાં વધે છે.

પરંતુ એવું રૂપાંત્તર થવાથી તે ગ્રંથનું મહત્વ વધે છે. ઉપર કહ્યા પ્રમાણે તેમાં અદ્ભુતનું મિશ્રણ નહિ હોત તો તે આટલી લોકપ્રિય શું થાત ? આજે હજારો વર્ષથી લાખો સ્ત્રી પુરૂષો છોકરા વૃદ્ધના મનરંજન થયા તથા આનંદથી કાલક્રમણ થયું છે એવું કામ શું સામાન્ય ચરિત્રથી થયું હોત ? વાંદરાની પૂછડી, તથા ચાપલ્ય, અને મનુષ્યની અક્કલ તથા સ્વામિભક્તિ તથા એક હજાર હાથીનું બળ એકત્ર કરીને હનૂમાન ઉભો કર્યો તેથી અનેક અદ્ભુત સંકટો ઉપસ્થિત કરીને દૂર કરાવ્યા. એક હથિયારમાં હજારો માણસો મારવાની શક્તિ કલ્પીને એક સિપાઇને બદલે ૧૦૦૦ માણસની સરખામણી કર્યાથી શી ફીકર છે ? વર્ષાઋતુના આરંભમાં આકાશ તરફ જોતા બેઠાથી શું થોડા ગંધર્વનગરો નજરે પડે છે ? મનુષ્યમાત્રમાં કલ્પના શક્તિ આપી છે. તેને રીઝાવવાને લોકોત્તર કલ્પનાજ કરવી જોઇએ.

તથાપિ તત્વદૃષ્ટા છે તે એવી કલ્પનાથી ભૂલતા નથી. તે આવા સંસ્કાર વર્ણનમાંથી સાર લઇને બાકીના કવિ કલ્પોત્પન્ન ભાગ ઉપર વિશ્વાસ રાખતા નથી. પણ તે કાલ્પાનિક ભાગનો ઉપયોગ ઘણો છે. મોટા મોટા સૂર્યવંશ તથા ચંદ્રવંશમાંના રાજાઓની કથા આજસુધી આબાલવૃદ્ધના મનમાં જાગ્રત છે. કર્ણના દાનના વિષય સાંભળીને ઘણાક પુરૂષોના અન્તઃકરણમાં ઉદારતા ઉત્પન્ન થાય છે. તેમજ શિબિ રાજાનું ચરિત્ર સાંભળીને કેટલાકના મનમાં સહનશીલતા થઇ હશે; યુધિષ્ઠિર અથવા ધર્મરાજની અથવા નળરાજાની સત્યતાથી તથા સહનશીલતાથી અસંખ્ય લોકોને સંકટ વખતે ધૈર્ય આવે છે. તેમજ આ નવલમિશ્રિત વર્ણનથી આજસુધી.

मान्धाताच भगीरथश्च सगरो मान्यःककुस्थो रघुः
पूरुः सोपि पुरुरवाः सचशिबिः पुण्यश्चरु क्यां गदः ।

वैदेहो नहुषश्च हैहय पतिर्वीरो ययाति र्नलः ।
पार्थश्चोतिनृपाः प्रशस्त यशसः प्रादुर्व भूवर्न किम् ॥

માન્ધાતા વગેરે મોટા પરાક્રમી રાજાઓ પ્રસિદ્ધ થયા નથી કે શું? આ રાજાઓના ચરિત્રો એટલા મનોવેધક થયા છે કે આ કવિનો શું ઉપકાર નથી?

કાલિદાસ, માઘ, ભારવિ. શ્રીહર્ષ, વગેરે કવિતા કાવ્યમાં આનંદસમૂહ ઘણો છે, તેથીજ તે કાવ્યો વાંચવામાં આપણે આટલા આતુર છીએ. ઇતિહાસરૂપથી રઘુવંશમાં રાજાઓની એક ફક્ત યાદી છે અને દરેકે શું શું કર્યું છે તેનું એક ટાંચણ કાલિદાસ કવિના શિવાય બીજા માણસે એક વખત ચોપડામાં લખી રાખ્યું હોત તો રઘુવંશમાંના રાજાઓ આટલા ઉદયમાં શું આવત? દિલીપરાજા, રઘુરાજા અજરાજાના નામ પણ શું આપણને માલમ પડત? ગમે તેમ હો, મહાવીરોના તથા સત્પુરૂષોનો નામ યાદ રાખવાને આવા અદ્‌ભુત મિશ્રિત ચરિત્રો ઘણા ઉત્તમ સાધનભૂત થાય છે. જે દેશમાં આવા ઇતિહાસ તથા આવા ચરિત્રો નથી તે દેશ એક જાતના સુખથી વંચિત કહેવામાં કંઈ હરકત નથી.

ખાલી નીતિ લખવામાં આવે તો તે કોઇના મનમાં ઠસતી નથી. ઇતિહાસ ઉપરના ઉદાહરણ કહ્યાથી તે પક્કી ઠસે છે. તેથી ઇતિહાસ એ ઉદાહરણની સાથે નીતિ ગ્રંથજ છે. પરંતુ પુણ્યશ્લોકની જેવી થાય છે—

पुण्य श्लोको नलाराजा, पुण्य श्लोके युधिष्ठिरः
पुण्य श्लोका च वैदेही, पुण्य श्लोको जनार्दनः ॥

એવા જે જે સત્ગુણ તે તે પુરૂષમાં ઘણા તેના તેના તે ગુણના સંબંધમાં એક એક માળા કરીને રાખવાથી સામાન્ય માણસને શું ફાયદો થનારો છે? ઉદાહરણાર્થે દાન શૂરત્વના વિષય હરિશ્ચંદ્ર રાજા તથા શ્રીપાલ રાજા-

ની મોટી ખ્યાતિ હતી, પરંતુ જે રીતે તેનું ચરિત્ર કહે છે, તેવું કવિએ બનાવીને રાખ્યું નહિ હોત તો તેના ધૈર્યનો તથા ઉદારતાનો બળવાન ઠસો આપણા અન્તઃકરણ ઉપર કેવી રીતે ઉઠયો હોત? તે કથા વાંચવાથી સાંભળ્યાથી અથવા નાટક રૂપથી રંગ ભૂમી ઉપર જોયાથી સહૃદયનું અન્તઃકરણ આર્દ્ર થાયજ. એટલુંજ નહિ પણ કોઇ કોઇ વખત આંખમાંથી અશ્રુધારા પડે છે. ગમે તેમ હો આવી જાતના ઐતિહાસિક પુરૂષોના ચરિત્રના ઉદાહરણોથી આપણા મનનો ભાવ ફેરવાય છે. ઐતિહાસિક પુરૂષના ઇતિ–હ–આસ આવું–આમજ થયું, એવા સત્યરૂપનું વૃત્તાંત લખ્યુ તો ઉદાહરણોપયોગી થશે ખરૂ, પરંતુ એવા ઇતિહાસ વાંચવામાં ઘણા જ થોડા લોકો પ્રવૃત્ત થશે. ઇતિહાસનું વાંચન કહેતાં મરૂપ્રદેશમાંના પ્રવાસના જેવું છે. અમુક પુરૂષ અમુક જગાએ અમુક વખત જન્મ્યો, તે પોતાના મા બાપને ઘણો લાડકો હતો; તે નાનપણમાં બહુ મસ્તીખોર હતો, જરા મોટો થયા પછી પોતાના ગામના જાતભાઇઓને એકઠાં કરીને તે દેશના રાજાને તેણે માર્યો તથા તેની રાજગાદી ઉપર બેઠો; તેને ઘણી સ્ત્રીઓ હતી, ઘણા છોકરાં થયા, અમુક દેશના રાજાઓ તેના મિત્રો હતા, તેઓને મદદ કરીને તેના શત્રુઓને જીત્યા; બે લડાઇ જીત્યો, ત્રણ લડાઇ હાર્યો તથા અમુક જગાએ અમુક કારણથી અમુક વર્ષે તે મરણ પામ્યો. એવા ઇતિહાસરૂપથી ચરિત્ર લખવામાં આવે તો તે વાંચનાર ઘણાજ થોડા નીકળશે. હાલના સુધરેલા દેશમાં સત્યશોધક વિશેષ થયા છે તેથી સત્ય ઇતિહાસની એક અભિરૂચિ પુષ્કળોને ઉત્પન્ન થઇ છે, પરંતુ અસત્ય તદન અપ્રિય છે એવું હજી થયું નથી. અને અજ્ઞાન લોકોને તે કદી અપ્રિય થનાર નથી. ખરી વાતો એક બાજુએ રાખીને જેનાથી મનોરંજન થાય છે તે વાતો ખોટી કલ્પિત ભલે તે પહેલાં પાનાપર કહી હોય તો તે પસંદ પડે છે; તથા લોકપ્રિય થાય છે. ગુજરાતના ઇતિહાસના, રાસમાળાના તથા મોટા મોટા નામાંકિત પુરૂષના જીવન ચરિત્રના ગ્રાહકો મળતા નથી, તે મેં પ્રત્યક્ષ જોયું છે પણ

વાર્તાના પુસ્તકોના ગ્રાહકો ઘણા મળે છે તથા તેની ઘણી આવૃતિઓ થાય છે લોકો જેટલા વાર્તાના પુસ્તકો વાંચે છે તેટલા બીજી જાતના પુસ્તકો વાંચતા નથી એ તો પક્કી ખાત્રી છે. વાર્તા એ પણ કંઇક ખરૂં, કંઇક ખોટું તથા કલ્પના મિશ્ર એક જાતનું જીવન ચરિત્રજ હોય છે. અને તેથી ઘણો લાભ થાય છે; નવલકથાના જગતમાં ધર્મ ગ્રંથની બરાબરી કરી શકે એવા નવલકથાના કેટલાક ગ્રંથો છે અને તે ધર્મગ્રંથના જેટલાજ લોકોપકારજ છે. ઘણાક વાર્તાના લખનારાઓએ ખરેખરા કવિની પીછી લઇને મનુષ્યના મનનો મહિમા, સતીની છબિ, અને સહનશીલતાની તસબીર એવી તો આશ્ચર્યકારક રીતે ચિતરી છે કે તે જોયાથી લાભ થાય છે. કેટલીક નવલકથામાં દુઃખની એવી વાર્તા લખેલી હોય છે કે તે વાંચ્યાથી હૃદયમાં દયા ઉત્પન્ન થયા વગર રહેતી નથી અને બળાત્કારીથી આંખમાંથી આંસુની ધારા વહે છે.

માણસ માણસના કામ જાણવાને સ્વાભાવિક આતુર હોય છે, દરેક માણસના સુખ દુઃખ તે જોવા ચાહે છે અને તેથી માણસને આનંદ મળે છે. તેના કરતાં નકલને માણસ વધારે ચાહે છે. જેમકે વાંદરાંની મનુષ્યની નકલ જોઇને ઘણોજ આનંદિત થાય છે. તે વાંદરાંની નકલમાં માણસને ઘણી મઝા પડે છે તે આપણે પ્રત્યેક દેશમાં જોઇએ છીએ. નાટક ભજતાં જોવામાં પણ આપણે વધારે આનંદ મળે છે તેનું કારણ પણ નકલ જ છે અને તે નકલ જોવા માટે દરરોજ પ્રત્યેક દેશમાં ઘણા માણસોનો જમાવ થઇને આનંદ અનુભવે છે તે પણ જોઇએ છીએ. આ બધાનું મૂળ કારણ માણસમાં સ્વાભાવિક જે એક મેકની જાણવાની વૃત્તિ છે તેજ છે. તેથી આપણે જીવન ચરિત, નાટકો અને નવલકથા વાંચીએ છીએ.

જગતમાં બીજા બધા પદાર્થો કરતાં માણસ માણસનું મન વધારે ખેંચે છે. મનુષ્યના જીવનની જે કંઇ વાત હોય, તેના અનુભવ, તેના હર્ષ, તેનાં દુઃખ અને પરાક્રમ એ બધા ઉપર બીજી તમામ વસ્તુઓ કરતાં માણસનું

મન વધારે ચોટે છે. પ્રત્યેક મનુષ્ય બીજા સર્વ માણસોમાં પોતાના જાતભાઇ તરીકે વધતું ઓછું પણ ધ્યાન આપ્યા શિવાય રહેતો નથી. કેમકે તેઓ બધી મનુષ્ય જાતરૂપી કુટુંબના માણસો જ છે અને જેમ કોઇ માણસનું શિક્ષણ વધારે હોય, તેમ તેની સર્વ મનુષ્યજાતના કલ્યાણને લગતી તમામ બાબતોમાં તેની સહૃદયતાનું વર્તુલ વધતું જાય છે.

માણસો એક બીજાંમાં કેટલું મન આપે છે તેઓ જે તસ્વીરો ચિતરે છે, જે બક્ષમૂર્તિઓ પાષણની બનાવે છે, એક બીજાની જે કથા વાર્ત્તાઓ કહે છે તે ઉપરથી અને બીજી હજાર રીતે જણાઇ આવે છે. તેથીજ જીવન ચરિત્ર વાંચવામાં મનુષ્યનું મન ખરેખર જ બહુ લાગે છે. આટલી આટલી નવલ કથાઓ વંચાય છે અને તેના સંખ્યાબંધ વાંચનારાઓ મળી આવે છે તે સઘળાં કલ્પિત જીવનચરિત્રો છે કે બીજું કંઇ? મનુષ્યો આટ આટલાં નાટકો જોવા ભીડ મચાવે છે તે જગતની રંગભૂમિ ઉપર રચાઇ ગયલાં જીવનચરિત્રના શિવાય બીજું શું છે?

તેથીજ જીવનચરિત્ર અને નવલકથા બધા શિક્ષણનો ગુરૂ છે. તેમાં વળી શ્રેષ્ઠ નવલકથા લખનારાઓ જનમંડળની સર્વ રીતે ઉન્નતિ કરનારાઓ છે. કારણ કે ધર્મોપદેશો આપણને તીવ્રસ્વરથી ઉપદેશ આપે છે કે, "પાપકર્મ કરતા ના" કવિ તે માર્ગને અવલંબીને શિક્ષણ આપતો નથી, તે કોઇને પાપકર્મ કરવાને કહેતો નથી, અથવા કોઇને પણ તે પાપકર્મ કરવાને રોકતો નથી, પરંતુ કૌશલથી એક પાપનું મોટું ચિત્ર આણીને સર્વની સામે ખડું કરે છે, તે ચિત્ર જે જુએ છે તે પાપનાં ઝેરી ફળનું પરિણામ જોઇને ભયથી ત્રાસ પામીને જલદીથી નાસી જાય છે. આ પાપી પૃથ્વીમાં ધર્મોપદેશના શિક્ષણથી કેટલા માણસોએ પાપકર્મ ત્યાગ્યાં છે? પરંતુ કવિનો ઉપદેશ કેવો સુંદર છે! કેવું કૌશળમય શિક્ષણ છે! એમાં ધર્મોપદેશકની તીવ્રતા નથી—કઠોરતા નથી, નવલકથા મોહ પમાડે, પ્રીતિદાયક થાય અને વગર હરકતે શિક્ષણ મળે તેવી હોવા સાથે ઉપદેશકના કરતાં વધારે ફળદાયક થાય છે.

નવલકથાનો ઇતિહાસ.

જગતના કવિયો તથા નવલકથાકારો ઘણા વખતથી ઘણું કરીને મોટા બનાવો, મોટા મોટા સુખ દુઃખો, રાજાઓના મૃત્યુ, જાતીય ચઢતી પડતી, ઇત્યાદિ વિષય લઇને ઉપાખ્યાન રચના કરતા હતા. સાધારણ લોકોના સુખ દુઃખની તરફ તેઓની નજર ઘણા દહાડાપર નહોતી. સંસ્કૃત સાહિત્યમાં પણ એવું જોવામાં આવે છે. અંગ્રેજી સાહિત્યમાં ચસારથી એનો આરંભ થયલો ગણવો જોઇએ. પરંતુ ચસારના મોટા મોટા નાયકો બધા આબરૂદારની પંકિતમાંના છે. શેકસપિયરના સંબંધમાં પણ તેવુંજ કહી શકાય. હિયુગલ યુગની આખેરીએ ડિમોક્રાસીના આરંભથી જ ખરી રીતે સમસામયિક લોકના જીવન ચરિત લઇને ગદ્ય ઉપાખ્યાન રચવાની રીતિ ચાલી છે. રોબિન્સન ક્રુસો એનું પહેલું ઉદાહરણ છે. ત્યારપછી રિચિડં, રિચાર્ડસન, થાકરે, ડિકન્સ વગેરેના હાથમાં તેની ધીરે ધીરે પુષ્ટિ થઇ. રિફારમર બિલ પાસ થયા પછી સમાજની નીચલી પંક્તિના લોકોના ઉપર વિશેષ દૃષ્ટિ ખેંચાઈ. કિંલ્શિ તથા જાર્જ ઇલિયટ તે યુગના કવિયો છે. અંગ્રેજ સમાજ સમજવા લાગી કે પૈસાદાર થયાથીજ મોટા માણસ થતા નથી. સમાજ તરૂના નીચલા પ્રદેશમાં જન્મ લઇને પણ કેટલાક એની ઉચ્ચી ડાળીપર વિહાર કરનારા પૈસાદાર માણસના પુત્રોને હૃદય મહત્વમાં હરાવી શકે છે. ટેનિસને પોતાના "અનેક આર્ડન" નામના કાવ્યમાં તેનો સર્વશ્રેષ્ઠ પરિચય આપ્યો છે.

ચરિત્ર રચના, ઘટના રચના વગેરેના વિચાર કરીને પાલગ્રેવે કહ્યું છે કે, અંગ્રેજી સાહિત્યમાં સ્કૉટની જગા શેકસપિયરની નીચે છે. સ્કૉટના પછી ઐતિહાસિક રોમાન્સ રચનામાં થાકરે પોતાના એસમંડ ગ્રંથમાં વધારે સફળતા મેળવી હતી. જ્યારે સ્કૉટની રોમાન્સ વાંચનારાઓને ઘણી પ્રિય હતી, ત્યારે એક દિવસે એકદમ રોમાન્સની ઘનજાળ પૂર થઇ ગઈ, વળી વિચિત્ર વેશધારી પિકઇક ક્લબના સભાસદો તે સૂર્યકરોજ્વલ પ્રભાતમાં વાંચનારના દરવાજાપર આવ્યા. નીચલી પંકિતના લોકોનું ચરિત્ર આંકવામાં ડિકન્સે

જે શક્તિ દેખાડી છે તેની તુલના નથી. તેના પુસ્તકો કંઈ થોડા નથી. તથાપિ તે રચના સમુદ્રનું બંધન કર્યાથી ક્યાં પણ એક અશ્લીલભાવ અથવા અશ્લીલ બનાવનું વર્ણન મળતું નથી સ્કૉટ, ડિકેન્સ, થાકારે વગેરેની રચનાના પછીના નલવકથાકારો તેઓને પગલે ચાલ્યા છે. પ્રોફેસર માસન એકવારે અંગ્રેજી નવલકથાઓને તેર સ્વતંત્ર પંક્તિમાં વિભક્ત કર્યા હતા. પ્રોફેસર માસને એક જગાએ કહ્યું છે કે, હમણાં નવલકથાકારો અતિ સાધારણ કંટાળા ભરેલા અને વેદનાદાયી વિષયો પણ યત્નપૂર્વક નવલકથાના ઉપાદાનરૂપથી ગ્રહણ કરે છે. પ્રોફેસરે ઘણા વર્ષો પહેલા આવું કહ્યું હતું, હાલના અંગ્રેજી સાહિત્યના સંબંધમાં તે વિશેષ રીતે લાગું પડે છે. હાલના સમયના ઘણા નવલકથાકારો નીતિ અને શ્લીલતાનું ઢાકણ ઉઘાડીને પ્રકૃતિને દેખાડવા ચાહે છે, અને તે ઉચિત તરીકે પ્રકાશ કરે છે. આ ફેરફારને માટે નવી નારી (New woman) ઘણીક રીતે જુમેદાર છે, તેમાં શક નથી. આ નવનારીના આવિર્ભાવથી અંગ્રેજી સાહિત્ય કલુષિત થવાનો આરંભ થયો છે. આજકલના ઘણા લખનારાઓ સમાજમાં ચાલતાં કોઈ કોઇ આચાર વ્યવહારના ઉપર હુમલો કરીને નવલકથા લખે છે. હમણા કેટલાક વર્ષોથી અંગ્રેજી નવલકથા લખનારાઓમાં ઘણાક ફેરવી ફેરવીને તે એકજ વાત કહે છે,—પ્રેમવિનાની મહોબ્બતના કરતાં મેહબત વિનાનો પ્રેમ સારો છે અલિભસ્કિના વગેરે ઘણી સ્ત્રીએ લખનારીઓ આ એક વાત કહે છે, ઘણાકો પોતાની બહેનોના ઉદ્ધારની ઇચ્છાથી એ વિષયની એવી રીતે આલોચના કરી છે કે તેમાં શાલીનતાની સીમા તોડી છે. જેઓએ વિષયની આલોચના કરવા જતાં લજ્જાશીલતાની સીમા વટાવે છે. તેઓમાં કુમારી મોના કેયાર્ડ સર્વથી આગળ પડતી છે. આ સ્ત્રી લખનાર સંબંધી થયું,—પુરૂષ લખનારાઓમાં પણ ઘણાકોએ એ વિષયની આલોચના કરી છે—ગ્રાંટ આલેન અને ટામસ હાર્ડી વગેરે તેના ઉદાહરણો છે. આવા પુસ્તકના લખનારાઓ આમ કહીને પોતાને સમર્થન કરે છે કે ઉદ્દેશ યુક્ત નહિ હોવાથી નવલકથા સ્થાયી થતી નથી. પરંતુ આશ્ચર્યનો વિષય એ છે કે, સ્કૉટ વગેરેની નવલકથાઓમાં પણ ઉદ્દેશની ઘણીજ ખોટ છે.

નવલકથા વાંચવાનું તથા સાંભળવાનું મૂળ બીજ માણસમાં છે.

નવલકથાનું નામ ઉચ્ચારતાં 'મનોરંજન કરવા માટે કલ્પેલી વાર્તા' આવો અર્થ આપણા મનમાં ઉભો રહે છે પણ કાદંબરી આ શબ્દની ઉત્પત્તિ જોવા જતાં એ અર્થાત વ્યુત્પત્તીમાં ક્યાં પણ જડતો નથી. આશરે હજાર બારસો વર્ષની પહેલાં સંસ્કૃતમાં બાણ કવિયે પોતાની વિશાળ કલ્પનાથી તથા ગ્રથન ચતુરાઇથી એક ઘણોજ સુંદર મનોવેધક તથા ચમત્કૃતિવાળી કથા બનાવી છે. તે કથાની નાયિકા કાદંબરી નામની ગંધર્વકન્યા છે તથા તે નાયિકાનુંજ નામ કથાને આપ્યું છે આપણા પ્રાચીન વાઙ્મયમાં કથા આ રૂપથીજ જે ચાર પાંચ સુપ્રસિદ્ધ છે તેમાં કાદંબરી પુસ્તક શ્રેષ્ઠ છે તેના પાનામાં તલ્લીન થઇને વાંચનારની ખરેખરજ.

कादंबरीरस भरेग समस्त एव ।
मत्तो न किंचिदपि चतयेत् जन्तऽयम् ॥

આવીજ સ્થિતિ છે. તેથી એ ગ્રંથ સર્વના મુખે થઇને કાદંબરી આ શબ્દ વિશેષ નામ થતાં તે મરાઠીમાં સામાન્ય નામ થઇ બેઠો. મરાઠીમાં મનને રંજવવા માટે રચેલી મોટી વાર્તા 'કાદંબરી' એવું લોકો કહેવા લાગ્યા પણ ગુજરાતીઓ તેને નવલકથા કહેવા લાગ્યા.

આપણા ઘરમાં આપણા છોકરાંમાંના એથી જેટલા લાડકડા શબ્દો આપણને રોજ સાંભળવામાં આવે છે તેમાં મા મને એક વાર્તા સંભળાવ, દાદા મને એક વાર્તા કહો આ શબ્દ કેટલી વખત સંભળાય છે ? એટલુંજ નહિ પણ વાંચનારમાંથી એક પણ માણુસ નહિ હશે કે તેના હોઠપર ચપલા બાળકપણાની કાળી ધજા દેખાવવાની પહેલાં જેણે ઘણીવાર આ શબ્દો ઉચ્ચાર્યા નહિ હોય. અનેક પ્રકારની શારીરિક રમતો રમીને બાળક

થાકયો અને ઊંઘવાની પહેલાં મા અથવા દાદીની જાંગપર પડીને એકાદી કહાણી તથા વાર્તા કહેવા માટે હઠ કરવાનોજ અને પછી દાદીને હજારો વખત કહેલી કાગડા ચકલીની વાત કરવાની, અને તે છોકરો તદ્દન શાંત રીતે સાંભળવાનો, આવા દેખાવો આપણને કેટલી વખતે ઘરમાં જોવામાં આવે છે? આપણે પોતે તે ઉમ્મરમાં તેની કાગડા ચકલીની વાર્તા કેટલીવાર મનોભાવથી સાંભલી હશે? તેની તથા તે પ્રેમની હોઠથી તે આપણને કહેલી વાતનું સ્મરણ આપણને થાય છે ત્યારે કેટલો સખેદાનંદ થાય છે! મોટા વરસાદ પડવાની સાથે બીચારા કાગડાનું પેલું છાણનું ઘર વહી ગયું વગો ચકલીનું ઘર મીણનું હોવાને લીધે તર્યું. એ સાંભળવાની જોડે આપણને કેટલી ખુશી જણાઇ. "ચકલીબાઈ! ચકલીબાઈ દરવાજો ઉઘાડ" એવો કરકરીને બોલનાર થંડીથી ધ્રુજતો, તેમાંને તેમાં પળે પળે શરીર ઉપરનું પાણી ઝાડી નાખવા માટે અંગ ઝાડનાર કાગડો આપણી સામે જણાય છે. તેજ પ્રમાણે પોતે સુરક્ષિત રકેલી મીણના ઘરની બારીમાં બહાર ડોકીયું કઢીને પણ "પોતે પેલા કાગડા કરતા કેટલી ડાહી હોય ને?" એવું લાગીને મોટા ગુમાનથી "સબુર કર કાળા મુખા! હું મારા બચ્ચાને ખવાડું છું પછી ઉઘાડું છે એવું બોલનાર ચકલીનો શબ્દ જાણે પોતે સાંભળે છે એવું લાગે છે, દાદીએ તેટલી વાત પૂરી કરી કે ફરી તેની પછવાડે બીજી એક વાતકર એવું કહેવાનોજ. આવી રીતે છોકરાંની કહાણીઓ સાંભળવાનો રોજ ક્રમ ચાલેછે, કદીપણ આ વાતનો કંટાળો આવતો નથી.

આ વાર્તાનો મોહ તથા તેનાથી મળનાર મોજ નાનપણમાંજ હોય છે તેમ નથી, એ આપણા બધાના અનુભવમાં તે છે. છોકરા દસબાર વર્ષનો થયો ત્યારે તેની દાદી તેને પુરાણમાંની કહાણીઓ કહે છે, તે તે મોટી ભક્તિની સાથે સાંભળે છે તેમાં વિશેષ કરીને ભીમની હઠનો તથા હનુમાનના વધારે હઠની વાત ઘણીજ કૌતુક તેને લાગે છે, તેને વાંચતાં આવડે છે કે ઇસાપનીતિ, બાળ મિત્ર વગેરે કહાણીના પુસ્તકો વાંચવા માંડે છે.

પછી થોડા દિવસ ગયા એટલે છોકરાં ૧૪-૧૫ વર્ષના થયા એટલે તેને દાદીએ કહેલી વાતની નવાઈ તથા ખુશી જણાતી નથી. તે પોતે આરબિયન નાઈટસના જેવા પુસ્તકો ઘણા હોસથી વાંચવા માંડે છે, અથવા બીજી મોટી વાર્તા વાંચવા માટે ઉત્સુક થાય છે. તે મળ્યાથી તો તેમાં તે તદન રમમાણ થાય છે. હવે તેને કાગડા ચકલીની વાત પસંદ પડતી નથી. અથવા તેના ઉપર ભરૂસો રાખવાને ગમતું નથી. પરંતુ આરબી ભાષાની વાતોમાં હોવાવાળા અનેક અદ્‌ભુત પ્રસગ તેને ઘણું કરીને વિશ્વાસ લાવવા જેવા જણાય છે, તે એને એટલા ખરા લાગે છે કે તેમાં તે તદ્દન મગ્ન થઇને શાહાજાદાની પેઠે આગળ શું થયું તે જાણવા માટે ઘણો ઉત્સુક થાય છે. આ પ્રૌઢ છોકરાના વિષય થયું. પછી વળી થોડા દિવસમાં જુવાની આવે છે. તે જુવાનીમાં વાર્ત્તાનો ચાહ શું કંઇ ઓછો થાય છે ? નહિ. હવે અદ્‌ભુત વાતોથી ભરેલા પ્રેમ તથા વિશ્વાસ પણ ઓછા થાય છે, પરંતુ શૃંગારપ્રચુર તથા પ્રેમકથા પૂર્ણ નવલકથા વાંચવાની લહેજત લાગે છે. અદ્યાપિ નવલકથાનું વાંચવું માર્મિકપણાથી થતું નથી, પરંતુ તેની તરફનો પ્રેમ તદ્દન નાનપણના જેવો દૃઢ હોય છે. વળી થોડા વર્ષ ગયા પછી મનની પ્રૌઢતા આવવા લાગી કે ડિકિન્સ, થાકરે, જાર્જ ઇલિયટ, જાર્જ મેરિડિસ, સર વૅાલ્ટર સ્કૅાટ ઇત્યાદિ ઉત્તમ ગ્રંથકારની સારી સારી નવલકથા વાંચીને મનોરંજન કરી લોની મીઠાસ લાગે છે. અને ઉમ્મર જેમ વધતી જાય છે તેમ તેમ વાર્ત્તા સાંભળવાની અથવા વાંચવાની ઇચ્છા કદી ઓછી નહિ થતાં તે હમેશાં એક સરખી જાગૃત હોય છે. ઉમ્મરના પ્રમાણમાં વાર્ત્તાનો સ્થાયીરસ અથવા વિષય કંઇ જૂદા જૂદા થતા જશે એટલુંજ છે; પરંતુ નાનપણથી વૃદ્ધાવસ્થા સુધી વાતો સાંભળવાની તથા વાંચવાની લાલસા કદી એક સરખી દૃઢ હોય છે એનો અનુભવ બધાને હશેજ,

શું તમે થાકયાછો? તમને શું કંટાળો આવ્યો છે? શું તમારો સ્વભાવ ગુસ્સાવાળો તથા ત્રાસી ગયો છે ? એકાદી મનોવેધક નવલ કથા વાંચો,

એટલે તે બધું ચાલ્યું જશે અને તમારૂં મન તદ્દન તાજું થશે નવલકથાનું વાંચન અથવા શ્રવણ એ કાદંબરી પાનના કરતાં કેટલી બધુ શ્રેષ્ઠ તથા શ્રમ પરિહારક એવું રામબાણ ઔષધ છે, અને એ ઔષધ તૈયાર કરીને વેચનારા વૈદ્યો આજે યુરોપમાં તથા અમેરિકામાં, તેજ પ્રમાણે યુરોપિયન લોકોએ વસાવેલા સ્થાનમાં એટલા બધા થયા છે કે એ બધાનું શી રીતે ચાલતું હશે તેનીજ નવાઇ લાગે છે. પરંતુ વાર્ત્તાઓના પુસ્તકો કેટલા નીકળે છે, અને તેની કેટલી કેટલી પ્રતો ખપે છે તે જોયું તો માણસોને કેવું મોટું ગાંડુ લાગ્યું છે એવું જણાશે, એકાદી લાયબ્રેરીમાંના મેમ્બરોએ વાંચવા માટે લીધેલાં તથા મોકલેલાં પુસ્તકોની નોંધ જોઈ હોય તો વાર્ત્તાના પુસ્તકો લઈ જનારની તથા મંગાવનારની સંખ્યા શાસ્ત્રીયાદિ પુસ્તકોના કરતાં વધારે જોવામાં આવશે વાર્ત્તાનાં પુસ્તકો જેટલા માણસો અને તે પુસ્તકો જેટલી વખત વાંચવામાં આવે છે તેના દસમો નહિ પણ સોમાંનો એક ભાગ બીજા પુસ્તકો વંચાતા નથી! આપણા જાણવામાં છે કે ગ્રહાક અને પુરૂ પાડનાર એકમેકના આશ્રય છે. ગ્રહાકો ફલાણા માલને માટે ઘણા છે એવું જણાયું કે તેવી જાતનો માલ જે તે તૈયાર કરવા માંડે છે, અને માલ જેમ જેમ આંખને અંજાવે તથા સસ્તો નીકલવા લાગ્યો, તેમ તેમ ગ્રહાકેની સંખ્યા વધતી જાય છે. આજ નિયમ નવલકથાના સંબંધમાં લાગુ પડે છે. વાંચનાર તથા ગ્રહાક ઘણા થવા માંડ્યા તેથી નવલકથાઓ પુષ્કળ થવા માંડી અને નવલકથા નાના પ્રકારની તથા સસ્તી થવાને લીધે ગ્રહાકોની તથા વાંચનારની પણ સંખ્યા વધવા લાગી.

આ ગ્રહાકો તથા પૂરી પાડનારના સંબંધનો નિયમ ઠીક છે. પરંતુ નવલકથા સાંભળનારી તથા વાંચવાની ઇચ્છા એજ પહેલા શી રીતે ઉત્પન્ન થાય છે તે જોવું જોઇએ, આ કથામૃત પિપાસા ક્યાંથી ઉપસ્થિત થઇ? એનું મૂળ શું છે? આપણે સંસારમે હોઇએ છીએ, આપણુ સુખ દુઃખ ઓછા નથી. આપણા ઉપર ભારે દુઃખના પ્રસંગો આવે છે, આપણને

અનંત ચિંતા બાળે છે, અનેક જાતના આનંદનો આપણે અનુભવ લઇએ છીએ, આપણા મિત્રો હોય છે. દુશ્મનો હોય છે, સારા મળે છે, નઠારા મળે છે એવું હોવા છતાં પણ કાલ્પનિક સૃષ્ટિના કાલ્પનિક માણસના સુખ દુઃખ જોવા, તેની જોડે મુસાફરી કરવી, તેની જોડે હસતું રોવું રમતું, ફરવું, તેના સુખથી સુખિત તથા દુઃખથી દુઃખિત થવું, તેના મિત્રો, તેના શત્રુઓ તે આપણ શત્રુઓ એટલું તેનું તાદાત્મ્ય કરી લેવાની ઇચ્છા જે આપણી થાય છે તેનું બીજ આપણામાં કુદરતી છે.

નવલકથા વાંચવાની રૂચિ.

આજકાલ નાવેલ અથવા નવલકથાના વાંચનારાઓની જેટલી સંખ્યા જોવામાં આવે છે, તેટલી બીજા કોઇ કાલે નહોતી. પંડિત મૂર્ખ, જ્ઞાની અજ્ઞાની, ધનીનિર્ધન પ્રતિષ્ઠિત, અપ્રતિષ્ઠિત, કર્મી અકર્મી બધા નવલકથાને માટે ઘેલા છે. નાવલો પણ ઘણા પેદા થાય છે. નાવલોની આ આત્યાન્તિક વંશવૃદ્ધિ કેટલે દહાડે ઓછી થતી આવશે તે કહી શકાતું નથી.

આજકાલ યુરોપ અમેરિકામાં નવલકથાઓ ઘણી પ્રકટ થાય છે. તેમાંથી થોડીક પહેલી પંક્તિની હોય છે, ઘણીક સુખપાઠ્ય અને બાકીની અસાર હોય છે. આજકાલ લોકો નવલકથાને ચાહે છે, નવલકથાજ હાલની ફ્રાસન છે તેથી બધા લખનારા નવલકથા લખવાનો યત્ન કરે છે, તેઓમાં ગમે તો પ્રતિભા હોય કે ન હોય તેથી સાહિત્યમાં ઘણી હાનિ થાય છે. અંગ્રેજ લખનાર સ્ટિવનસનની પ્રતિભા નિબંધ લખવાની હતી અને તે કદાચ દર્શનાલોચનના ઉપયોગી હતી, પરંતુ તેણે પહેલા છોકરાને માટે ટ્રેસાર આયલંડ આરંભીને આખરે નવલકથા લખવા માંડી, હામફ્રિ અવર્ડે નવલકથા લખવાનો આરંભ કર્યાથી એક પ્રતિભાન્વિત સાહિત્ય વિવેચક ગુમાવ્યો છે. આવી રીતે મિસ્ટર જાર્જ મુરને એક સમાજતત્વવિત્ અને મિસ્ટર વાઇમેનને એક ઐતિહાસિક ગુમાવ્યો છે. બધી જાતના લખનારાઓ

બીજા બધા વિષયને પડતા મૂકીને નવલકથા રચવામાં પ્રવૃત થયા છે એ ઘણો આશંકાનો વિષય છે.

નવલકથાના આ ઘણા આદરનું જરૂર થવાના ફળમાં વાંચનારાઓ હમણા નવલકથાના વિના બીજું કંઇ વાંચવા ચાહતા નથી. લખનાર જો કંઇ નવા ભાવ, કોઇ નવો મત પ્રચાર કરવા ચાહે તો તેને તે નવલકથામાં પ્રચાર કરવું પડે છે નહિ તો કોઇ તે વાંચશે નહિ. હમણાં ધીરે ધીરે વાંચનારની સંખ્યા વધતી જાય છે ખરી, પણ સરસ્વતીચંદ્ર અને ગુણસુંદરી અથવા સંન્યાસી અને મરીચીની બોલચાલની સાથે નહિ મેળવ્યાથી કોઇ વિષય સારી રીતે વાંચે છે? હવે વાંચનારની સંખ્યા ધીરે ધીરે ઓછી થાય છે પણ વધતી નથી. હમણાં જેઓ વાર્તાના શિવાય બીજું કંઈ લખે છે તેઓ આલોચ્ય વિષય બારીક રીતે આલોચના કરે છે, પરંતુ ઘણા વધારે વાંચનારાઓ તે વાંચતા નથી. ઘણા ખરા વાંચનારાઓ નવલકથાઓ અને વર્તમાનપત્રોના શિવાય બીજું કંઇ વાંચવા ઇચ્છતા નથી. આવું નિઃસંદેહ કહી શકાશે કે "Modern Painters" "The Grammar of Assent એટલુંજ નહિ પણ The History of Civilisation એ જો ગયા પંદર વર્ષમાં પ્રકાશિત થાત તો તે ઘણા થોડા લોકો આદર કરત. બાકલ, ન્યુમેન એટલુંજ નહિ પણ રસકિન જો પંદર વર્ષનીપર હૈયાત હોત તો, તેઓને પણ પોતાનો ગત પ્રચાર કરવા માટે લાચારીથી નવલકથાઓ લખવી પડત.

હાલના લોકોની આ ઉગ્ર નવલકથા વાંચવાની લાલચ બધી દોષની ખાણ નથી. આજકાલથી નવલમાં માણસની હૃદયવૃત્તિનું આદર્શ અનુશીલન નહિ હોય, એ હજારો અંગ્રેજોના એકમાત્ર અવલંબન સ્વરૂપ વર્તમાન પત્રના કરતાં ઘણી કરીને શ્રેષ્ઠ છે, સાધારણ લોકોને કવિ, દાર્શનિક, ઐતિહાસિક, વૈજ્ઞાનિક અથવા ધર્મવક્તાની સાથે ઓળખાણ કરવી એ કંઇ જેવી તેવી વાત નથી. પરંતુ નવલકથા તેઓને સંપૂર્ણ તાબેછે. એનાથી તેઓ વગર મહેનતે શિક્ષણની સાથે વિશુદ્ધ આનંદ ભોગવી શકે છે.

નવલકથા વાંચવાના લાભાલાભ.

ઉપાખ્યાન વાંચવાનો ચાહ માણસનો અતિ સ્વાભાવિક તથા પ્રાચીનતમ પ્રવૃત્તિ છે. સારા ઉપાખ્યાન વાંચવાથી માણસની ઉચ્ચી મહત્વની પ્રવૃત્તિયો પરિચાલિત તથા પરિપુષ્ટ થાય છે. માણસ આધ્યાત્મિક પ્રાણી છે. દેહજ તેનું સર્વસ્વ નથી કેવળ ઇન્દ્રિયવૃત્તિ લઇને રહેવાથી તેનું ચાલતું નથી. આધ્યાત્મિક આનંદની પણ જરૂર છે. આ જગતમાં માણસનું જીવન કેટલા દિવસને માટે છે? પરંતુ કાળ અનન્ત છે. માણસ અનંત માર્ગનો મુસાફર છે, અનન્તનો ભિખારી છે. આંખના વિષયીભૂત આ વસુન્ધરાને લઇને તે શાંતિ મેળવી શકતો નથી. ગયલો તથા હમણાં આ પ્રત્યક્ષ માનવજાતિ અસંખ્ય હોવા છતાં પણ તેની આંખે સામાન્ય છે. તે પ્રતિભાથી નવા નવા માનવો ઉત્પન્ન કરીને તેઓના કલ્પિત સુખ દુઃખમાં અભિભૂત થવા ચાહે છે. તેની કલ્પનાની આંખપર અરણ્યમાં અપ્સરા, ગંધર્વ, કિન્નરી, વનદેવી વગેરે અપૂર્વ સુંદરીઓ કેવા નાચતા ફરે છે. તેના માનસ કર્ણમાં વરૂણાલયવાસિની વિચિત્ર ગાનારીઓના હૃદયોન્માદી સંગીત કેવા સુંદર ઝંકાર કરી ઉઠે છે. વિધાતાની સૃષ્ટિ, અસંખ્ય જીવોથી ભરપૂર આ જગત અતિ સુંદર તથા વિસ્મયકર છે, તેમાં સંદેહ નથી. પરંતુ માણસની કલ્પિત કવિના પ્રતિભાપ્રકાશમાં પ્રકાશિત આ જે અપૂર્વ સ્વપ્ન રાજ્ય એ પણ શું તેના જેવું સુંદર તથા વિસ્મયકર નથી?

કલ્પના પહેલા છે ત્યાર પછી પ્રત્યક્ષ થાય છે. પ્રત્યક્ષના ઉપર પ્રતિષ્ઠિત ઇતિહાસ જ્યારે જોવામાં આવે છે, ત્યારે કલ્પના મૂલક પુરાણનુંજ એકાધિપત્ય હતું. ઇતિહાસ મહાકાવ્યની અનુવૃત્તિ છે. ઇલિયદ તથા અદિસિ વાંચીને આપણે ગ્રીસનો જે પ્રાણ તથા હૃદયની સાથે ઓળખાણ મળે છે, આથેન્સ અથવા સ્પાર્ટનો ઇતિહાસ વાંચીને ક્યાં પણ તેનો સાક્ષાત્ મળતો નથી. ઉપાખ્યાનજ સત્ય છે, પ્રત્યક્ષ તેની છાયા છે. જોવાનું કોણ એ

વાત કહેતા નથી. તેઓ કહે છે જે વાસ્તવ છે, તેજ સત્ય છે; ઉપાખ્યાન છાયા માત્ર છે. વળી તે વાસ્તવ જો અતિ કલુષિત તથા ખરાબ નહિ થાય તો તે તેટલું સત્ય નથી. જોલાય આપણું કામ નથી. કિટસની પેઠે અમે પણ કહીએ છીએ, જે સુંદર છે તેજ સત્ય છે, જે સત્ય છે તેજ સુંદર છે. વાસ્તવનું વધારેપણું માનવાત્માનું ઘણું હાનિકારક છે.

કવિત્વના સુનીલ આકાશપટમાં જે સુંદર ઇન્દ્રધનુષ શોભતું હતું, દાર્શનિકો તેને હમણાં કેવળ સૂર્યના કિરણના પ્રતિફલજ ગણ્યું છે. તેઓ તેની વાંકી ચૂકી રશ્મિની ક્રિયા લઇને જ સંતુષ્ટ રહે છે. આપણે કેવળ તેને ઇન્દ્ર ધનુરૂપથીજ ઉપભોગ કરીશું વાસ્તવિક આપણો તે આનંદનો ઝરો ખરેખરો ઘણો ઉંચે રહેલો છે.

નવલકથાની આલોચનામાં લાભ નુકશાનનો વિચાર જોઇને કદાચ ઘણાકો કહેશે કે નૉવૅલ વાર્ત્તાના પુસ્તકો છે. નદીના સ્રોતના પ્રમાણે એમાં ડૂબી જઇશું, એમાં વળી લાભ નુકશાન શું જોવાનો હતો ? ફૂલ ખીલ્યું છે તે જોઇને આંખની તૃપ્તિ થશે તેમાં લાભ નુકશાનનો સવાલ ઉત્પન્ન થયાથી ધાન કાપવાની વખતે શિવના ગીત ગાવાના જેવું થાય, જો આ મત ખરો હોય તો નૉવેલની સંખ્યા આટલી વધે છે, એ પૃથ્વીને માટે અનિષ્ટર કહેવું જોઇએ. નૃત્ય, વગેરે બધી કળામાં ફક્ત ગમત મળે છે, સંસારમાં તેઓનો નૉવેલના જેવો ચાહ નથી. મોટા મોટા વિદ્વાનો નૃત ગીતમાં ઘણો જ થોડો વખત આળે છે પણ નૉવેલ લખવામાં અથવા નૉવેલ વાંચવામાં ઘણાક મોટા મોટા વિદ્વાનોએ પોતાને નિયુક્ત રાખ્યા છે. જો નવલકથા ફક્ત ગમતની વસ્તુ હોય તો તેના ઉપર આટલો ચાહ શા માટે થવો જોઇએ ? હાલમાં વ્યવહારોપયોગિતા લઇને ઈંગ્લંડ એકીવારે ઉન્મત્ત થયું છે. ત્યાં ફક્ત ગમતની વસ્તુના ઉપર આટલો ચાહ શા માટે જોઇયે ? ટૂંકામાં જો કે પુષ્કળ નવલકથા કેવળ મનોરંજનની મતલબથી લખાયલી હોય છે, તથાપિ એ જરૂર માનવું પડશે કે તેમાં સારપણું નહિ હોત તો કદી તે શિક્ષણ વિષયમાં આટલું ઉચ્ચું સ્થાન મેળવત નહિ. નૉવેલ ફૂલના જેવા સુંદર છે ખરા, પણ ફલ જ એના પરિમ[illegible]

એમાં કોઇ કદાચ વાંધો લેશે કે સત્યનું વર્ણન કરવું એજ નવલકથાનો ઉદ્દેશ છે, લાભ નુકશાનનો વિચાર કરવાનો ઉદ્દેશ નથી. આ પૃથ્વીમાં આપણે જે વસ્તુ જેવી રીતે જોઇએ છીએ, તે વસ્તુ યથાયથ રૂપથી વર્ણિત કર્યાથીજ નવલકથા લખનારનો ઉદ્દેશ સિદ્ધ થાય છે. રિલ્ડિંએના ટામ જોન્સ આવા નૉવેલના દૃષ્ટાંત છે. ટામ જોન્સ જ્યારે જે અવસ્થામાં પડયો હતો, ગ્રંથકર્ત્તાએ અસંકુચિત હૃદયથી તેનું વર્ણન કર્યું છે. નૉવેલ કરવામાં આવે તો આવા જ લખવા જોઇએ. પણ સત્યના બે પ્રકાર છે, આંશિક સત્ય અને સંપૂર્ણ સત્ય. કોઇ વકીલ કદી સ્પષ્ટ ખોટું બોલતો નથી એવું નથી. તે જેટલું કહે છે તેટલું ખરૂં છે. પણ તે બધું કહેલું કહેતો નથી. ધારો કે તમે કહો છો કે "ચોર નાઠો, પકડાયો નહિ, પોતાના ઘરમાં પાછો ફર્યો, રસ્તામાં કંઇ પણ હરકત નડી નહિ, ઘરમાં આવીને ચોરેલું ધન લઇને તેણે ગાડી ઘોડા ખરીધા, સર્વેની પાસે સન્માનિત થયો." જો આટલુંજ લખીને આપણે મૂંગા રહીએ, તો આપણે સત્યનું આંશિક વર્ણન કર્યું. કારણ કે ચોર ઘણી વેળાએ પકડાય છે, કેદખાનામાં જાય છે, ઘણા દુઃખ વેઠે છે અને કોઇ કોઇ વખતે દેશ નિકાલ થાય છે. જ્યાં સત્યનું આંશિક વર્ણન છે ત્યાં નાના પ્રકારની અનિષ્ઠનો ડર છે. કારણ કે સત્ય મિથ્યા વીણી લેવું એ ઘણું મુશ્કેલ છે. મિથ્યા વર્ણન સર્વ સમયે અવિધેય છે. પણ સંપૂર્ણ મિથ્યાથી ઘણું કરીને કોઇને પાપ નુકશાન પહોંચતું નથી. કારણ કે લોકો અક્લેશથી તેનું ખોટાઈ સમજી શકે છે. પ્રેમ નૉવેલની પરમ વસ્તુ હોય છે. આ પ્રેમનું વર્ણન નવલકથામાં આવું પ્રકટ થાય છે. યુવક યુવતી બેઉ ઘણા રૂપવાન્ છે, અતીવ ગુણવાન છે, યુવક પુરુષોમાં સર્વોત્કૃષ્ટ છે, નારી યુવતીયોમાં સર્વોત્કૃષ્ટ છે. બેઉનો મેળાપ થયો. ગમે તે કારણથી હો એકમેકને ચહાવા લાગ્યા. ત્યાર પછી બેઉ સંસારની બધી વસ્તુ ઉપેક્ષા કરતા હતા, પિતા માતાની આજ્ઞા અવહેલા કરતા હતા, કદાચ હોય તો કોઇ વખતે બેઉ કોઇ કોઇ અસત્ય કામ પણ કરી મૂકતા. ત્યાર પછી બેઉનું લગ્ન થયું.

અહિંયાં જ ઘણાક નૉવેલોની સમાપ્તિ થાય છે. જેટલું કહેવામાં આવ્યું છે, તેમાં એક પણ વાત ખોટી નથી. પણ એમાં બધી વાત કહેવાઈ નથી. વિવાહના પછી યુવક યુવક ઘણા દહાડા જીવતા રહે છે, સંસારની પુષ્કળ લાલચ ઘણા વિઘ્ન વિપદ તેમની સામે હાજર થાય છે. અને તેઓ પોતપોતાના ચરિત્ર અનુસારે સુખી અથવા દુઃખી થઈને જીવન ગાળે છે. તેથી જેઓ યુવક યુવતીનો વિવાહ કરાવીને જ નૉવેલ પૂરૂં કરે છે, તેઓ મનુષ્ય હૃદયનો એક માત્ર ભાગ ઉજ્વળ રંગમાં રંજિત કરીને બીજા બધા ભાગનું મનોહારિત્વ ઓછું કરી મૂકે છે.

કિયું ખરૂં અને કિયું ખોટું છે તે શું ક્યાં પણ નિર્વિવાદથી નક્કી થાય છે. તમે જેને સત્ય કહો છો, હું તેને કાલ્પનિક* કહું છું. તો પણ તમે જેને ખરૂં તરીકે ધારો છો, ફક્ત તેવા અનિશ્ચિત સત્યને માટે મારા સુખની આશા શા માટે ગુમાવું.

ખરૂં શા માટે બોલવું જોઇએ ? સત્ય બોલવાથી લાભ છે, ખોટું બોલવાથી નુકશાન છે. તેથી સત્યાસત્યનો વિચાર એક રીતે લાભાલાભના વિચાર શિવાય બીજું કંઈજ નથી.

વળી એક દલના માણસો છે તેઓ કહે છે કે સ્વભાવ વર્ણનાજ નૉવેલનો ઉદ્દેશ છે. રૂશો આ સ્વભાવ વર્ણનાનો પ્રવર્ત્તક છે. મનુષ્ય સ્વભાવતઃ જેવો હોય તેનું વર્ણન કરવું જોઇએ. શા માટે ? મનુષ્ય સ્વભાવતઃ અતિ સુંદર સ્વભાવનો ત્યાગ કર્યાથી નુકશાન થયા શિવાય લાભ થતું નથી. તેથી

*સિજયુકે લાભાલાભના સંબંધમાં આ પ્રશ્ન ઉઠાવ્યો છે. તે કહે છે કે તમે જેને લાભ કહો છો, તેને હું અલાભ કહું છું, વળી તમે જેને અલાભ કહો છો, તેને હું પરમ લાભ ધારૂં છું. પણ સત્યાસત્ય સમજવામાં માણસમાં જેવું વિસંવાદિત છે, તેમ લાભાલાભ સંબંધમાં તેનાથી ઘણું ઓછું છે એવું ભાસે છે.

આ જગાએ લાભલાભનો પ્રશ્ન ઉભો રહે છે. પણ તેમાં નાના પ્રકારના વાંધાઓ છે. આપણે સ્વભાવતઃ સુંદર સ્વભાવના છે કે નહિ તેના સંબંધમાં ઘણો તર્ક છે. તે બધા તર્કની હમણાં કંઇ જરૂર નથી. અહિં આટલું કહ્યાથીજ બસ થશે કે લાભાલાભનો વિચાર કથા ગ્રંથમાં અપ્રાસંગિક નથી.

જેઓ કવિછે, અસલ વિચારના આધાર છે, તેઓ જ દેશમાં જ્ઞાન અથવા જાતિના નિયંતા છે, તેમાં શક નથી. પરંતુ તેઓના લખાણ વાંચનાર ઘણાજ થોડા હોય છે. તેઓ વિશાળ સાધારણ લોકોની પંક્તિનાં હૃદયમાં પ્રવેશ કરી શકતા નથી. પરંતુ નવલ કથાકારને તે આડુ આવતું નથી. લોક સાધારણનું ચરિત્ર ઘડવામાં તેનું ઉપરી પણ ઘણું વધારે હોયછે.

કેઇ કેઇ નૉવેલોથી શી શી વૃતિ જાગૃત થાય છે અને આપણને કેવી નવલકથાઓ લખવી જોઇએ.

વાંચનારનું મનોરંજન કરવું એજ માત્ર પૂર્વે ઉપાખ્યાન કરવાની મોટી મતલબ હતી. યુરોપિયનો પહેલા ઘણા લઢાઇ કરવાને ચહાતા હતા. એ વાસ્તે તેઓનાં મનરંજનને માટે યુદ્ધ સંબંધી ઘટના લખવામાં આવતી હતી. હમણાં પણ યુરોપમાં લઢાઇની હોંસ ઓછી થઈ નથી. તેથી યુદ્ધ વર્ણના યુરોપના કથા ગ્રંથોનું મોટામાં મોટું ઉપદાન છે. ગુજરાતી કથાગ્રંથ અંગ્રેજીના કથાગ્રંથનું અનુકરણ છે તેથી ગુજરાતી ગ્રથોમાં લઢાઇ વગેરે સામેલ થઇ છે. એ બધા ગ્રંથને રોમાન્સની વ્યાખ્યા અપાય છે.

રોમાન્સ વાંચ્યાથી કલ્પના શક્તિની ઘણી પરિચાલના થયાથી એક રીતનો અદ્‌ભુત આનંદ જન્મે છે. જુવાનો કેવા આનંદથી સ્કૉટની આઇવાનહો વાંચે છે તે યાદ આવ્યાથી આશ્ચર્ય થવાય છે. પણ એ આનંદ ક્ષણીક છે. એનુ ફળ ઘણુંજ થોડું છે. જે કાંઇ ફળ છે તે પણ અનિષ્ટ તરફ છે એવું

જણાય છે. કલ્પના શક્તિ ઘણી પરિચાલન થવાથી વિવેચના શક્તિનું કાંઇક ઓછાપણું ઉત્પન્ન થાય છે. અને વસ્તુનો યથાર્થ વ્યવહાર ન જોઇને કેવળ તેનું સૌન્દર્ય, મનોહારિત્વ વગેરે જોવાની ઇચ્છા થાય છે. સાંસારીક ઘણા કામના ઉપર વિરાગ થાય છે. મનુષ્ય પોતાને ઘણો ઉન્નત કરવાની ઉચ્છા રાખે છે, ઇચ્છા કરે છે માત્ર, પણ ત્યાં સુધી તેની પોતાની અથવા સંસારની કઇ પણ ઉન્નતિ થતી નથી, ઉપકાર પણ થતો નથી કેવળ પગલે પગલે મનસ્તાપ પામે છે.

રોમાન્સ વાંચવાથી ઘણો લાભ થતો નથી એમાં કેવળ કલ્પના શક્તિની સારી પેઠે ચાલના થાય છે માત્ર આપણા ચરિત્ર સંબંધમાં જે કંઇ પરિવર્ત્તન જન્મે છે, તેનો ઘણોખરો ભાગ અનિષ્ટની તરફ છે. એ વાસ્તે હમણાં રોમાન્સની સાથે સાધારણ મનુષ્યની સહાનુભૂતિ જોવામાં આવતી નથી.

હવે જોવું જોઇએ કે બીજા પ્રકારના નવલ કથાના પુસ્તકો વાંચવાથી કોઇ રીતે લાભ થાય છે કે નહિ. આપણા દેશના કથા ગ્રંથ પ્રધાનતા અંગ્રેજી કથાગ્રંથનું અનુકરણ છે. તેથી આપણી નવલ કથાનાં લાભાલાભનો વિચાર કરવામાં અંગ્રેજી કથાગ્રંથની પણ તપાસ કરવી જોઇએ, બીજા પ્રકારના કથાગ્રંથ (અમે તેનું નામ ગાર્હસ્થ્ય નવલ કથા રાખ્યું છે) આગળ રીતિસર આલોચના કરવી એ આ વિષયની મતલબ છે.

જન મંડળની અવસ્થા પ્રમાણે મનુષ્યનો વિચારનો સ્રોત પણ પરિવર્ત્તિત થાય છે, ત્યારે માણસની રચનામાં પણ તે અધઃપાતના લક્ષણ દીઠામાં આવે છે. જ્યારે ઇંગ્લંડ ધર્મ લઇને ઉન્મત્ત થયુ હતું.ત્યારે મિલ્ટને પોતાનું પારાડાઇસ લાસ્ટ લખ્યું હતું. વળી જ્યારે નીચ પ્રકૃતિ બીજો ચાર્લસ ફ્રાન્સની ઉચ્છખલતા ઇંગ્લાંડમાં પ્રવર્ત્તિત કરી, ત્યારે ડ્રાઇડને પોતાનું All for love. વગેરે ખરાબ અપાઠ્ય નાટકો લખ્યા. જેઓ આ સમાજસ્રોતમાં ભળી જાય છે, તેઓ ભવિષ્યવંશના માણસોથી

વિશેષ ધન્યવાદને પાત્ર થતાં નથી. પણ જેઓ સમાજની અ-વતતિ જોઇને સમાજસ્રોતના વિપરીતમાં ઉભા રહીને સમાજને સારા માર્ગે દોરવાનો યત્ન કરે છે, તેઓજ સર્વ સાધારણના યથાર્થ ધન્યવાદને પાત્ર થાયછે. જ્યારે ડ્રાઇડેન વિચ્યારલિ, કનગ્રીવ વગેરે ખરાબ ગ્રંથો લઇને સમાજને રસાતલ જવાને મદદ કરતા હતા, તે વખતે જેરમી. કલિયર આવી રીતે સમાજ પરિવર્ત્તનને માટે યત્ન કરતા હતા.

હાલમાં ઇંગ્લંડમાં પૈસા કમાવવાનો જીવનનો મુખ્ય ઉદ્દેશ થયો છે. ગાડી ઘોડા, ઘર, બગીચો, અલંકાર, પોશાક વગેરે ભોગવિલાસ સર્વનું એક માત્ર ધ્યાન થયું છે. પરંતુ અર્થોપાર્જન કરવામાં ઘણું કઠોર હૃદય જોઇએ. કર્તવ્ય કાર્યને માટે અર્થાત્ પૈસા કમાવવા માટે ઇંગ્લંડ સર્વ પ્રકારની આંખની શરમ ત્યાગ કરવામાં તૈયાર છે. તેથી ઇંગ્લંડમાં કઠોર હૃદયતાનો ઘણો પ્રાદુર્ભાવ થઇ પડયો છે. જેના યોગે આ કઠોર હૃદયતા ઓછી થાય તે માટે ઇંગ્લંડના નૉવેલિસ્ટ યત્ન કરે છે. ડિકન્સના પ્રત્યેક નૉવેલમાં ઓ-છામાં ઓછો એક કઠોર હૃદય અર્થ પિશાચ છે. એઓ બધા નાના પ્રકા-રના કષ્ટમાં પડીને આખરની દશામાં અત્યંત દુઃખ પામીને બધા માણસોની પાસેથી અપમાનિત થઇને કોઇએ આત્મહત્યા કરીને, કોઇ રાજદંડમાં દંડિત થઇને પ્રાણત્યાગ્યા છે. આવા ચરિત્ર વર્ણન કરવાની મતલબ એ છે કે મનુષ્ય કઠોર હૃદયતાનું આ ફળ જોયાથી કઠોર હૃદય થવા ચાહે નહિ. ડિક-સના પ્રત્યેક નવલકથામાં બીજું એક ચરિત્ર વર્ણવેલું છે* એઓનો પૈસાના ઉપર સંપૂર્ણ અનાદર છે. એઓ પોતાની સહૃદયતાના બળથી નાના પ્રકારના સુખ સંભોગ કરીને આખરે બધાની પાસેથી સંમાતિન થઇને પ્રાણ ત્યાગ કર્યો છે. આવું વર્ણન કરવાની મતલબ એ છે કે મનુષ્યના હૃદયમાં કંઇક પૈસાના ઉપર અનાદર રહે અને કઠોર હૃદયતાને બદલે કંઇક સહૃદયતા આવે.

---

* નિકોલાસ નિકલબિહ "રાલફ નિકલબિ અને નિકલસ નિકલબિની વાત વાંચવાથી મનમાં આવશે.

ડિકન્સનો ઉપદેશ આવો છે. " પૈસાના લોભથી કઠોર હૃદયના થશો ના, કારણ તેમાં ઘણું કષ્ટ મળે છે. પૈસાનો લાભ ત્યાગીને સહૃદય થાઓ, કારણ તેમાં આખરે ઘણું સુખ મળે છે." ઈંગ્લંડની હાલની જેવી સમાજની સ્થિતિ છે, તેમાં ડિકન્સના નૉવેલ ત્યાંને માટે ઘણા જ ઉપયોગી છે તેમાં કંઇ પણ શક નથી.

પણ ગુજરાતની સ્થિતિ ઈંગ્લંડની સમાજની સ્થિતિ સંપૂર્ણ જુદી છે. તેથી ઇંગ્લંડમાં જે અતીવ ઉપકારી છે, અહિં તે ઉપકારી થશે એવી આશા રખાતી નથી. ઇંગ્લંડ હમણાં લક્ષ્મીદેવીની વિલાસભૂમિ છે. ઇંગ્લંડમાં સોનામોહરને બદલે કામ થાય છે. ઢગલે ઢગલા ધનના ઉપર બેસીને ઇંગ્લંડ ધનની સ્પૃહા જરા ત્યાગ કરી શકે છે. પણ ઇંગ્લંડને જોઇને જો તમે અમે સ્પૃહા ત્યાગીએ તો સંસારમાં અનિષ્ટતા શિવાય ઇસ્ટ થશે નહિ. કઠોર હૃદયતા આપણા દેશમાં પ્રબળ નથી. અર્થાર્જન કરવાનો યત્ન આપણા દેશમાં ઘણો નથી. વૈરાગ્ય આપણા દેશની મોટામાં મોટી શિક્ષા છે તેથી આપણા દેશમાં સહૃદયતા કંઇક ઓછી કરીને અર્થોર્જ્જન કરવાનો યત્ન કંઇક વર્દ્ધિત કરવો જોઇએ. તેથી ઇંગ્લંડ જે માર્ગે ચાલે છે, એ વિષયમાં આપણને બરાબર તેનાથી ઉલટા માર્ગે જવું જોઇએ. અર્થાર્જ્જન સ્પૃહા અને સહૃદયતા બેઉમાં દોષ ગુણ છે. સમાજની અવસ્થા પ્રમાણે કોઇની વૃદ્ધિ કોઇનું ઓછાપણું થવું જોઇએ.

ઉપરના દૃષ્ટાંત જોવાથી સમજાશે કે ઇંગ્લંડમાં જે પ્રવૃતિ પરિપુષ્ટ થવી જોઇએ, આપણા દેશમાં તે પ્રવૃતિ દમિત થવી જોઇએ. વળી ઇંગ્લંડમાં જે પ્રવૃતિ દમન કરવી જોઇએ તે આપણામાં ચલાવવી જોઇએ, તેથી ઈંગ્લંડના અનુકરણથી આપણું ઇસ્ટ થવાની સંભવના કરતાં અનિષ્ટ થવાની સંભવના વધારે છે. બીજું એક દૃષ્ટાંત આપીને અમે આ વિષયને જરા સ્પષ્ટ કરીને સમજાવવાનો યત્ન કરીએ છીએ.

પ્રેમ કવિ માત્રની મોટી આદરની વસ્તુ છે. પણ પ્રેમ લઇનેજ નવલકથા લખનારાઓનો ઉદ્યોગ છે. પરંતુ આ પ્રેમનો ભાવ ઈંગ્લંડનો એક

જાતનો છે. ઇંગ્લંડીઓના મનમાં પ્રણુય હૃદયનું કાર્ય છે. હૃદયે કહ્યું કે અમુકને ચાહ તો તરત તેને ચાહે છે. હૃદય કહે કે અમુકને ચહાતો ના, તરત મારૂ પણુ ચહાવું બંધ થયું. મારો એક સ્વામી છે પણુ હું તેને ચાહી શકતી નથી. શા માટે ? મારૂં હૃદય મને આ વિષયમાં સંમતિ આપતી નથી ! હૃદયની વાત સર્વ સમયમાં મને સાંભળવી પડે છે એમ નથી. હૃદય મને ઘણી વેળાએ ઘણા ગેરવાજબી કામ કરવા કહે છે. તાવની વેળાએ હૃદય પાણી પીવા કહે છે, બીજાના રૂપીઆ કર્જે કર્યાથી હૃદય તે વાળવાને ચાહતું નથી. ઇત્યાદિ આ બધી વેળાએ હૃદયને દમન કરવું જોઇએ. પણુ પ્રણુયની વેળાએ હૃદય જે કહે તે માથે ચઢાવવું.

આ ભાવ અંગ્રેજોનો છે. અંગ્રેજના દેશમાં એ સંભવે છે. કારણુ કે બાળિકાથી યુવતી પ્રેમના સંબંધીમાં પોતાને સ્વતંત્ર જુએ છે. તેની જે ઇચ્છા થાય છે તેની જોડે તે લગ્ન કરે છે. એમાં તેની સમાજમાં નિંદા થતી નથી. પણુ આપણુા દેશમાં વિવાહ પછી પ્રણયના અંકુરનો આરંભ થાય છે. વિવાહની પહેલા વર કન્યા કોઇ કોઇને જોઇ શકતા નથી. આપણુા દેશમાં પ્રણુય સમાજ રૂઢીના તાબે છે. તમારા હૃદયને એમાં સમાજના વશમાં ચાલવું પડશે. જેમ બીજી જગાએ તમે હૃદયને સમાજના વશીવર્ત્તી કરવાનો યત્ન કરો છો, પ્રણુયની વખતે પણુ તમને તે જ કરવું પડે છે. હૃદય તમને કાયદાના વશવર્ત્તી થઇને ચાલવાની મનાઇ કરે છે. હૃદય તમને બીજાએ કમાવેલા પૈસા બળથી લેવા કહે છે તમે એ જગાએ હૃદયની આજ્ઞા ન માનતાં સમાજના ઉપદેશ પ્રમાણે ચાલો છો. પ્રણુયની વખતે પણુ તમને તેમ કરવું પડશે. પિતા, માતા જેને સ્વામી કે સ્ત્રી તરીકે તમારી સામે લાવશે હું તને આખી ઉમ્મર સુધી ચાહીશ, હૃદયના હૃદયમાં તેને યત્નની આપે રક્ષા કરીશ. જો હૃદય એમાં કોઇ જાતનો અસંતોષ અથવા વિરક્તિ પ્રકાશ કરે, તો હું તે પાપિષ્ટ હૃદયને પગ નીચે મર્દન કરીશ, પ્રયોજન પડ્યાથી ટુકડે ટુકડા કરીને કાપી નાખીશ, પણુ મારા હૃદય મંદિરનો દેવ તથા દેવીને સિંહાસન ચ્યુત કરીશ નહિ. રોગમાં, શોકમાં, વિપદમાં,

સંપદમાં, દુ:ખમાં, સુખમાં, છાયાની પેઠે એની જોડે જોડે ફરીશ. સામે શું છે તે જોઇશ નહિ, પાસે શું છે તે હું જોઇશ નહિ. જો સ્વામી હોઉં તો સ્ત્રીને છાતીપર રાખીને આખી ઉમ્મર ગાળીશ, જો સ્ત્રી હોઉં તો સ્વામીના પગમાં માથું રાખીને જીવન ગાળીશ.

આજ આપણા જ્ઞાનના પ્રણયનાં લક્ષણ છે. જેઓ હૃદયની લાલચથી મોહિત થઇને એના વિરૂદ્ધાચરણ કરેછે, તેઓ આપણા દેશમાં ધિક્કારને પાત્ર છે. અંગ્રેજોના મત તેઓના દેશમાં સત્ય હોય પણ આપણે એને પ્રાણ ધરીને આપણા દેશમાં સત્ય તરીકે માની શકતા નથી. વૈજ્ઞાનીકો સતીત્વને મનનો ભ્રમ તરીકે સમજાવી શકેછે, દાર્શનિકો સતીત્વને ખોટા વહેમ તરીકે મશ્કરી કરી શકે છે, પણ સતીત્વ આપણા કલંકિત માથાનું એકમાત્ર ઉજ્વળ મણિ છે. ઈંગ્લંડમાં શા માટે ઉપલા મતનો આદર દહાડે દહાડે વધે છે, તે અમે નિશ્ચય કહી શકતા નથી, જાર્જ ઇલિયટથી સામાન્ય નૉવેલ લખનારાઓ સુદ્ધાં શામાટે પ્રણયને અપવિત્ર આકારથી ચિત્રિત કરતા હશે, તે અમે બરાબર કહી શકતા નથી. અંગ્રેજો સ્વતંત્રતાને ચહાનારા છે. અનુમાન કરાઈ શકાય છે કે પ્રણય સંબંધમાં પણ સ્વતંત્રતા આણવાની તેઓ ઇચ્છા રાખેછે. હિંદુસ્તાનના રહેવાસીઓ બીજા બધા વિષયમાં સ્વતંત્રતા મેળવવાને ઇચ્છુક થઇ શકેછે પણ પ્રણયની સ્વતંત્રતા ચહાતા નથી ગમે તેમ હો, હમણાં જોવામાં આવ્યું કે ઈંગ્લંડના પ્રણયને જે આકારે ચિત્રિત કરેછે આપણા દેશમાં તે લામ્પટ્ય સૂચક અને અતીવ ધિક્કારવા લાયક છે.

જેઓ આ બધાનો વિચાર કરીને આપણા દેશના અભાવો સમજીને તે અભાવ દૂર કરવાના યત્નથી નૉવેલ લખવાનો યત્ન કરશે, તેને અમે અમારા ખરા હિતેચ્છુ તરીકે હજારો ધન્યવાદ આપીશું. વળી જેઓ ફક્ત મનોરંજનના ઉદ્દેશથી અંગ્રેજી ભાવોનો આબેહુબ તરજુમો કરીને આપણી સામે મૂકશે તેઓ પ્રતિભાશાળી થઇ શકેછે, પણ તેઓને કદી દેશના ધન્યવાદાર્હ તરીકે માનીશું નહિ.

નવલકથાના ઉદ્દેશ.

નવલકથાના પહેલા બે ઉદ્દેશ જોવામાં આવેછે. આનંદ આપવો અને શિક્ષણ આપવું. શિલ્પ સૌન્દર્યમય પુસ્તકોમાંથીજ આનંદ લાભ સંભવે છે. પરંતુ બધાથી શિક્ષણ લાભ સંભવતું નથી. અને તેની જરૂર પણ હોતી નથી. આ બે જાતની નવલકથાને ઉદ્દેશવાળી અને ઉદ્દેશ વિનાની નવલકથાઓ કહી શકાય છે; ઉદ્દેશવાળી નવલકથા અર્થાત્ Novels with a purpose સાધારણ રીતે એક વિશેષ મત પ્રમાણ કરવામાટે લખાયલી હોય છે. ઓગણીસ શૈકાના આરંભમાં ઉદ્દેશવાળીના કરતાં ઉદ્દેશ વિનાની નવલકથા યૂરોપ અમેરિકામાં વધારે ચાલતી હતી, હમણા સ્રોત ઓછો થયો છે, વળી ઉદ્દેશવાળી નવલકથામાં પવિત્રતા નીતિ સ્વચ્છ પાણીના પ્રબળ રેલની પેઠે આવ્યા છે. જે પહેલા નવલકથાને અધર્મનું મૂળ સમજતા હતા તેઓ હાલની નવલકથાને ધર્મનું મૂળ સમજે છે. અને તેના વિષય પોતપોતાના અભિપ્રાયો ઘણીજ સુંદર રીતે જણાવેછે. થોડા વર્ષ ઉપર ગ્રાન્ટ આલેને નાર્થ અમેરિકન રવ્યુમાં ઉદ્દેશશૂન્ય નવલકથાના ઉપર નિબંધ લખ્યો હતો. તેનો સાર અહિં આપીએ છીએ.

ગ્રાન્ટ આલેન લખે છે કે ઓગણીસમી શદીમાં શિલ્પ સૌન્દર્ય વિનાની નકામી, ઉદ્દેશ વગરની નવલકથાની આમદાની કેટલીક ખમવી પડી છે ખરી, વિશમી શદીમાં શિલ્પની જે ખરા, તથા રુચ્ચી નકલ આવશે, તેમાં ઉદ્દેશ હીન નવલકથા સ્થાન મેળવશે નહિ, અર્થાત્ લખનારના માનસ સંકલ્પિત આરટ્રમ ઇંગિલડિયુ જન્મવાની પહેલાંથીજ ઉદ્દેશહીન નવલકથા ચેપી રોગના જેવી લાગવામાં આવશે. તે કહે છે કે, ગયા શૈકાના છેલ્લા અડધા ભાગમાં લખાયલી જનપ્રિય નવલકથાઓ ઉદ્દેશવાળી છે. ટામ કાકાની ઝુંપડીથી જુડદિ અવસ્કિયર સુધી બધી નવલકથાઓ ઉદ્દેશયુક્ત છે. અઢારમી શદીમાં ઇંગ્લંડમાં નવલકથાનો ઉદ્દેશનો ઘણો ગંધ રહેલો નહોતો. તેથી તે

આજ ઇંગ્લંડની બહાર ઘણી વાંચવામાં આવતી નહોતી. વળી તે વખતથી લખાયલી ઉદ્દેશયુક્ત ફ્રેન્ચ નવલકથાઓનો આદર આજ પણ રહેલો છે. અં. ગ્રેજ નવલકારો હમણાં ઉદ્દેશયુક્ત નાવલોની કિંમત સમજવા લાગ્યા છે,– ઉદ્દેશ વગરની નવલકથા સ્થાયી રહી શકશે નહિ.

લોકો જોઇને શીખે છે અથવા ઠોકર ખાઇને શીખે છે, ગ્રાંટ એલન કહેછે કે સારી રીતે જોયાથી આપણે સમજી શકીશું કે, ઓગણીસમી શદીના ફરવાની સાથે હમણા બુદ્ધિશાળી માણસોએ ઉદ્દેશ વિનાની નવલકથાને ઉપેક્ષા કરવાનો આરંભ કર્યો છે. ધીરે ધીરે નાવલો કેવળ આનંદ આપવાનું છોડી દઇને વિચાર તથા શિક્ષણના વિષય પૂરા પાડેછે. ગયા વિસ વર્ષથી ઉદ્દેશયુક્ત નવલકથા આદરને પામેછે અને ઉદ્દેશ વિનાની નવલકથાઓ ધીરે ધીરે તેના ઉપયુક્ત સ્થાનમાંથી અર્થાત વિદ્યાલયમાંથી અથવા નસરિમાંથી દૂર થાય છે. શ્રીમતી હામફ્રિ વાર્ડના નીતિ—શિક્ષણ પૂર્ણ નવલકથાના જેવી વાર્તાઓની સંખ્યા દહાડે દહાડે વધે છે. તેઓ સારા નરસા, મધ્યમ બધી જાતના નાવલો કેવળ ઉદ્દેશયુક્ત તરીકે ઘણું કરીને પ્રચારિત થયા છે. સર ગ્રાંટનું હેવનલિ ટ્વીન્સ, આઇયોટા ઇ· યોલો આસ્ટર ઇગાર્ટનના કિનોટસ અને હાર્ડિના ટેસેરની નવલકથાઓની સરળતા આથીજ થઈ છે. ટ્રિલવીના અસાધારણ સાફલ્યનું કારણ પણ વિશેષ ઉદ્દેશ—એ ઇંગ્લંડ તથા અમેરિકાની હાલની ઘણીજ સુરૂચિ પ્રિયતાના ઉપર મશ્કરી છે. “જાડ” Stary of an African Farm આપણી આશા આશંકા તથા સમસ્યામાં પૂર્ણ છે. એ પુસ્તકો હાલની શતાબ્દીના વિના બીજી વખતે રચાઈ શકત નહિ. આપણા આ વિશાળ વિશ્વના જુદા જુદા ભાગના વિષય કહેવું પણ લખનારના મતે એક ઉદ્દેશ છે. લખનારનો ઉદ્દેશ શબ્દનો વિસ્તાર ઘણો વધારે છે એવું જણાય છે. નહિ તો ટ્રિલરિમાં પણ ઉદ્દેશ કાઢી શકત નહિ.

પ્રથમથી આખર સુધી ઓગણીસ શતાબ્દી ધીરે ધીરે વધારે ઉદ્દેશ-

યુક્ત નવલકથાઓ ચાહી હતી અને મેળવવા પામ્યા છીએ. આ આકાંક્ષા ધીરે ધીરે વધે છે. એના પરથી આ સિદ્ધાન્તમાં અવાય છે કે વીશ શતાબ્દીથી બીજા વધારે ઉદ્દેશવાળા નવલો ચાહીશું અને તેજ યોગ્ય છે. એ પણ ક્રમાભિવ્યક્તિના નિયમાનુસરણ કરશે. સાહિત્ય ઉપર વિચાર કર્યાથી જોવામાં આવેછે કે બધી જાતિનું સાહિત્યમાં ઉદ્દેશ કામ કરેછે. મોટા મોટા નાવેલો તથા કવિતાઓ ઉદ્દેશયુક્ત છે. શિલ્પ સૌન્દર્યવાળા લખાણો જ્યામિનતિની એટલે રેખાગણિતની પ્રતિજ્ઞા તથા કોઇ એકાદી નિબંધ થઇ શકતો નથી ખરો, પરંતુ સાહિત્ય ચિરસ્થાયી થવામાં કોઇ પણ નવું સત્ય રાખવું એ ઘણું જરૂરનું છે. નહિ તો તે ઉચ્ચી જગાપર રહી શકતું નથી. સાહિત્ય વિના બીજા બધા શિલ્પના સંબંધમાં પણ આ નિયમ લાગુ પડે છે. જે પુસ્તક કેવળ મનરંજનના શિવાય બીજું કંઇ નહિ શીખવે, તે પહેલી પંક્તિના પુસ્તક કહેવાય નહિ. જે વિવેચન કરનારો પુસ્તકમાં ઉદ્દેશની ખોટ જુએ, તે જોઇને કંઇ શીખી શકતો નથી. તેથી જોવામાં આવેછે કે ઉદ્દેશ વિનાની નવલકથા ઘણું કરીને ત્રીજી પંક્તિમાં જગા મેળવી શકે, તે મનુષ્ય જાતિના બાળપણાના ઉપયોગી છે. જરૂર નાની ઉમ્મરના તથા થોડી બુદ્ધિના માણસોને માટે બીજી કેટલીક ઉદ્દેશહીન નવલકથા લખવામાં આવશે. તોપણ આ આશા પૂર્વક કહી શકીશ કે, વીશમી શદીમાં ઉન્નતિનો પ્રવાહ જે કિનારાપર આવી પહોંચશે તે કિનારામાં પૂર્ણ વયના, પૂર્ણ બુદ્ધિમાન માણસો ઉદ્દેશ વિનાના યત્નપૂર્વક તજીને ઉદ્દેશવાળી નવલકથાનો આદર કરશે. તે વેળાએ લોકોમાં ગંભીર વિચાર, નવું શિક્ષણ, આ બધાના ચહાનારા થશે તેથી વીસમી શદીના વાંચનારાઓ મહાન વૃતિ અવલંબીને ઉદ્દેશ વિનાની નવલકથારૂપ લાગીને ઉદ્દેશયુક્ત નાવલોરૂપ દૂધ ગ્રહણ કરીને પોતાની માનસિક શક્તિ વધારશે.

નવલકથાનો મોટો ઉદ્દેશ આનંદ આપવાનો છે. બીજો ઉદ્દેશ માનવ હૃદયની સામેથી રહસ્ય યવનિકા ઉપાડીને માનવના કોઇ કામનું ખરૂં કારણ

શોખતું. એક સુંદર મૂર્તિ, એક મનોહર ચિત્ર, એક મનોમોહન નવલકથા, એક મધુર કવિતા—શિલ્પના હિસાબે જોવા જતાં એ બધાનો મુખ્ય ઉદ્દેશ આનંદ આપવાનો છે. તો આવું કબુલ કરવું પડશે કે, શિલ્પ હિસાબે જોતાં ઉદ્દેશયુક્ત નવલકથાની જગા ઘણે ઉચ્ચે નથી; તેના શિવાય ઉદ્દેશ સિદ્ધિની જોડે તેઓના જીવનના કામ પણ પૂરા થઈ જાય છે, ત્યારે લાયબ્રેરીના કબાટમાં અનાદરે કીડા લાગવાનું તેના ભાગ્યમાં લખાય છે.

નવલકથાના વિભાગ અને ખરી નવલકથામાં શા શા ગુણો જોઇએ.

ખરા નૉવેલ કોને કહેછે. આ પ્રશ્નનો જવાબ આપવો ઘણો મુશ્કેલ છે. પહેલા કહી ગયા છીએ કે નવલકથા એ સામાન્ય વાર્તા હતી. તેમાં વાત શિવાય બીજું કંઇ રહેતું નહોતું. સામાન્ય વાર્તાના પછી રોમાન્સ, આરપછી ક્રમોન્નતિથી નૉવેલ હાલ ઉન્નત અવસ્થામાં આવ્યું છે. આ અવસ્થામાં નૉવેલ કેટલું ઉન્નત થયું છે તેનો વિચાર કર્યાથી હાલના નૉવેલોને સમાજના દર્પણ કહી શકાય. આવા નૉવેલો સમાજના નાના પ્રતિચિત્ર વિશેષ છે. સમાજમાં દરરોજ જેવા બનાવ બનતા રહેછે, સાધારણ લોકમંડળ નાના પ્રકારની સ્થિતિમાં જેવાં કાર્ય કરતાં રહેછે, તે નવલકથામાં દેખાડેલું હોયછે. મનુષ્યની સાથે ઘરના વિશેષનો સંબંધ શી રીતનો છે? કોઇ કોઇ વખતે (અથવા ઘરના) કાંઇ સ્વભાવના માણસ શી રીતે કાર્ય કરે છે, મનુષ્યની સાથે માણસનો અથવા સાધારણ ઘરનાનો સંબંધ કેવો છે, આ ગૂઢતત્વ આવા નૉવેલમાં દેખાડવામાં આવે છે. કેવળ માણસના બહારના જગતની સાથે તથા તેની સંશ્લિષ્ટ અવસ્થાની સાથે સંબંધ દેખાડવો એ પણ નવલકથાનો ઉદ્દેશ નથી. એમાં મનુષ્યની માનસિક અવસ્થા, તેના આધ્યાત્મિક ભાવ પણ સમજાવવાનો યત્ન કરવામાં આવે છે. તેથી નૉવેલ

કેવળ સમાજનું દર્પણ નથી. આપણા મનનું પણ દર્પણ તરીકે કહેવું જોઇએ. આપણા મનમાં કેટલી વેળાએ કેટલા નવા નવા ભાવનો આવિર્ભાવ થાય છે. કેટલા નવા સત્ય હૃદયમાં જોવામાં આવેછે, પણ કદાચ સમાજની તથા જુલમના ભયથી સમાજની ખરાબ સ્થિતિ જોઇને વળી ક્યાં નાસી જાય છે. કેટલીક વેળાએ મનમાં એવા કેટલા નવા લાભ ઉદય થાયછે, જે વાક્યથી કહી શકાતા નથી. નૉવેલ તે બધા ભાવ તે બધા સત્યનો પૂર્ણ વિકાશ કરેછે. એક સુરમાં બાંધેલા બે તારમાંથી એક તારને વગાડવાથી બીજો એક તાર જેમ સહાનુભૂતિથી અથવા આનંદથી વાગેછે. નૉવેલમાં તે બધા ભાવનો વિકાશ જોવાથી આપણા મનમાં તે ફુટન્ત અસ્ફુટ ભાવ તે પકડવા જતા પકડી શકતા નથી તે ભાવ સ્ફુર્તિ પામીને સાનંદથી વાગી ઉઠે છે, નાટક લખનારના જેવા નૉવેલ લખનારાઓ પણ ખરા કવિ હોવા જોઇએ, નહિ તો તેની નવલકથા લખવી ફોકટ જાય છે.

હમણાં જોયું કે નૉવેલ સમાજનું અને આપણા મનનું દર્પણ સ્વરૂપ છે. પણ નૉવેલ હમણાં ફકત દર્પણ નથી. નવલકથા આજકાલ સમાજ વિજ્ઞાન થઇ પડયું છે. ફક્ત સમાજનું ચિત્ર તથા હૃદયનું ચિત્ર આપ્યાથીજ નવલકથા સંપૂર્ણ થતી નથી. ફક્ત તે ચિત્રમાં પ્રકાશ અંધકાર આપીને છાયાવાન કર્યાથીજ અથવા રંગની ગંભીરતાનું વધતા ઓછાપણું કર્યાથી નવલકથાનું કર્તવ્ય સંપૂર્ણ થયું નહિ, તેને સમજની મૂળ શાખા, પ્રશાખા દેખાડવી જોઇએ, આખુ જગત કઠોર કાર્યકારણ સૂત્રમાં બંધાયું છે. આપણે ગમે તો સમજીએ કે નહિ સમજીએ, કારણ શિવાય કોઇ કાર્ય થતું નથી, અદૃષ્ટ અથવા chance હમણાં કોઇ માનતા નથી. ત્યારે તે કાર્યકારણ સૂત્ર બધા જોઈ શકતા નથી; બધાઓ તમામ વિષયનો મર્મોદ્‌ભેદ જાણી શકતા નથી. જે જ્ઞાની છે, જે કવિ છે, જે ખરેખરો દૃષ્ટા (Seer) છે, તે એ જોઇ શકે છે. નવલકથા લખનારાઓ તે ગૂઢ મર્મ આપણને સમજાવે છે. જેમ માણસના અંગ પ્રત્યંગાદિની જોડે બીજા શરીરના અંગ

પ્રત્યંગનો અવિચ્છિન્ન સંબંધ છે. જેમ મનુષ્ય એક organism છે, જેમ સમાજ એક organism છે, તેમ નવલકથા પણ એક conhlete organism છે. એવા દરેક ભાગ બીજા ભાગની સાથે મજબુત બાંધેલા છે, પ્રત્યેક ભાગજ કાર્ય કારણ નિયમના તાબે છે. આ પ્રકાંડ વિશ્વ સંસારની ક્ષુદ્ર પ્રતિકૃતિ નવલકથા લખનારાઓ કવિના આશ્ચર્ય શિલ્પ કૌશળની (Design and art) ખરી ઓળખાણ આપેછે. ખરા કથા ગ્રંથમાં સમાજની મનુષ્ય ચરિત્રના ગૂઢ તત્વ ઉદ્‌ભેદ કરવામાં તેમાં કાર્ય–કારણ સૂત્ર બાંધવામાં સમાજ અને મનુષ્ય ચરિત્ર પૃથક્કરણ (Analyse) કરવાનો યત્ન કરવામાં આવે છે, આવી રીતે સમાજના મૂળતત્વ નક્કી કરવા એજ હાલના નવલકથાનો મુખ્ય ઉદ્દેશ થયો છે.

નૉવેલ આટલા ઉચ્ચા, આટલા શિલ્પ ચાતુર્ય પૂર્ણ, આટલા પ્રયોજનીય હોવા છતાં પણ થોડા દહાડા થયા એની ઉત્પત્તિ તથા ઉન્નતિ થઈ છે તેનું કારણ શું છે ? એની આટલી ઉપયોગીતા રહેવા છતાં પણ આટલા દહાડા શા માટે એની સૃષ્ટિ થઇ નહિ ? એનો જવાબ આપવો એ કંઇ સહેલું કામ નથી. પહેલા કહી ગયા છીએ કે નૉવેલ ખરેખરો સમાજ તત્વનો રહસ્ય ઉદ્‌ભેદ કરવામાં આવેછે, તેથી જ્યાં સુધી સમાજ વિજ્ઞાન થયું નહોતું, જ્યાં સુધી સમાજને મનુષ્ય જીવનને વિજ્ઞાનમાં સામેલ કરવામાં આવ્યું નહોતું, ત્યાંસુધી નૉવેલ લખવા એ સંભવ નહોતાં. પહેલા માણસના મનથી ગૂઢ રહસ્યની વાત કહી છે, જે ગૂઢતત્વ ઉદ્‌ભેદ કરવા એ આજકાલ નૉવેલનું અંગ થઇ પડયું છે, તે કવિઓએ નાટકમાં અને કાવ્યમાં વર્ણન કર્યું છે—તેને માટે સ્વતંત્ર નૉવેલ સાહિત્યની જરૂર પડતી નથી. સમાજતત્વ અથવા સમાજ વિજ્ઞાન (science of life and Society) નવલકથાનો પ્રધાન અંગ છે. તેથી જ્યાંસુધી સમાજ વિજ્ઞાન (socialogy) અને જીવન વિજ્ઞાન (Biology)ના ખરા તત્વ સ્થિર થયા નહોતા ત્યાંસુધી ખરેખરા કથા ગ્રંથ લખવા સંભવ નહોતા. પ્રાચીનકાલના સામાન્ય વાર્તાના પુ-

સ્તકોથી ઐતિહાસિક નૉવેલો સુધી નવલકથાઓને સામાન્ય કથા ગ્રંથમાંજ પકડાઈ શકાય. ઐતિહાસિક નૉવેલના પછી જે હાલના નૉવેલ લખવાનો આરંભ થયો છે. તેજ ખરેખરાં નૉવેલો છે. ગેટે, વિકટર હુગો અને જાર્જ ઇલિયટ નૉવેલો લખીને કવિઓના શીર્ષસ્થાનીય થયા છે, અને સમાજના ખરેખરા શિક્ષક રૂપે આજકાલ બધાની પાસેથી માન મેળવે છે. આ કારણથીજ યુરોપિયન સાહિત્યમાં આટલા થોડા દિવસ થયા નૉવેલનો યુગ આરંભ થયો છે.

નવલકથાનો મૂળ સૂત્ર શો છે—શાના ઉપર કથાગ્રંથનો ઉત્કર્ષાપકર્ષ આધાર રાખેછે? જે વિષયને ખરી રીતે નૉવેલનો પ્રાણ કહેવાય, અને જેના ઉત્કર્ષાનુસારે નૉવેલનું ઉત્તમપણું અને જેમાં કથા ગ્રંથ રચનારની કવિત્વ શક્તિનો ખરેખરો પરિચય મળે, તેનુંજ અમે આ ઠેકાણે વર્ણન કરીશું. નવલકથાનું પહેલું મૂળ સૂત્ર ઉદ્દેશ છે, દૃષ્ટાંત અને ઘટનાવલીના દ્વારા કોઇ વિશેષ સત્ય સિદ્ધ કરવા એ આ પંક્તિના નૉવેલો મુખ્ય મતલબ છે. ઘણાખરા નૉવેલોજ કોઇને કોઇ ઉદ્દેશની સિદ્ધિને માટે રચવામાં આવે છે. સમાજની અથવા શાસન પદ્ધતિના કોઇ વિશેષ દુષણીય રૂઢીના ખરેખરા દોષ, દૃષ્ટાંતથી પ્રમાણ કર્યાથી જેમ હૃદય ગ્રાહી થાયછે, એવી રીતે બીજી કોઇ રીતે થવું સંભવ નથી. કેવળ ઉપદેશના કરતાં દૃષ્ટાંતની ઉપકારિતા ઘણી વધારે હોય છે. નૉવેલ લખનારાઓ ઘણીક વખતે આ સત્યનું અનુસરણ કરીને, સામાજિક, લૌકિક અથવા રાજનૈતિક રૂઢીના દોષ સિદ્ધ કરવા માટે એક ઉપાય પકડેછે. ઉદ્દેશના મહત્વ પ્રમાણે અથવા જે પરિમાણે તે ઉદ્દેશ પૂર્ણ થાય, તે અનુસારે નૉવેલ પણ પ્રશંસિત થાય છે. ઇંગ્લંડ અને અમેરિકામાં ગુલામનો ધંધો ઘણોજ દુષણીય અને જુલમવાળો હતો, સત્ય પ્રમાણને માટે સ્ટૌ Uncle Tomos cabin નામનું નૉવેલ લખીને પોતાનું નામ ચિરસ્મરણીય કરી ગઇ છે. આવી રીતે લિટને, ફાંસી દેવી એ ઘણું ગેરવાજબી છે, અને તે એકવાર કાઢી નાખવી જોઇએ; આને સિદ્ધ કરવા

માટે (Tanl Clifford) નામનું નૉવેલ લખ્યું. એના કરતાં પણ મહત્વ તથા વધારે ઉચ્ચી જાતનું નૉવેલ ગેટે લખેલું (Wicholm Meister) એમાં સમાજના મૂળતત્વ પ્રમાણ કરવા માટે યત્ન કરવામાં આવ્યા છે. આ બધાં ઉદ્દેશ મૂલક નવલકથામાં આનુષંગિક ગુણ હોવાથી નૉવેલમાં તેઓ ઉચ્ચી જગા મેળવે છે. ઘણું કરીને નૉવેલોમાં જે નીતિ જોવામાં આવે છે અને કોઇ કોઇ દૃષ્ટાંતથી જે નીતિ સમજાવવાનો યત્ન કરવામાં આવે છે તે નીતિ પ્રમાણ કરવી એ નવલકથાનો મુખ્ય ઉદ્દેશ નથી, અને આ પંક્તિના ક્યા ગ્રંથને ઉદ્દેશ મૂલક કહી શકાતો નથી. આમાં આનુષંગિક સ્ફૂર્તિ માત્ર હોય છે. ઉદ્દેશ મૂલક નૉવેલ, લગભગ પ્રથમ આખર સુધી કોઇ એક પ્રધાન નીતિ અથવા સત્ય, દૃષ્ટાન્તથી પ્રમાણ કરવામાં વિશેષ રૂપે યત્ન કરવામાં આવે છે.

પણ હાલના સમયમાં ઉદ્દેશ-પ્રધાન નૉવેલનુંજ જેટલું જોઇએ તેટલું માન નથી, કારણ કે ઉદ્દેશ પૂર્ણ થવાથીજ ઉદ્દેશ પ્રધાન નૉવેલનો જેટલો જોઇએ તેટલો આદર રહેતો નથી. વિશેષ કરીને આ બધા નૉવેલનો આનુષંગિક ગુણ નહિ રહેવાથી તેનો ગૌરવ પણ વધારે દહાડા ટકતો નથી.

ચરિત્ર ચિત્રનેજ નૉવેલનો બીજો મૂળ સૂત્ર કહી શકાય. ખરી રીતે જોતાં ચરિત્ર ચિત્રજ નૉવેલનુંજ પ્રધાન અંગ છે. એને નવલકથાનો પ્રાણ નહિ કહેવા છતાં પણ અમે એને નવલકથાનું મગજ કહી શકીશું. આ ચરિત્ર ચિત્રના મોટાં ચાર પ્રકાર છે. પહેલું સાધારણ ચિત્ર-આપણે સંસારમાં સર્વદા જે લોકો જોઇએ છીએ, તેઓના ચરિત્ર સુસ્પષ્ટ અંકિત કરવા એજ બધા નવલકથાનો મુખ્ય ઉદ્દેશ હોય છે. ઘણું કરીને ગાર્હસ્થ્ય નૉવેલોમાં આવા ચરિત્ર ચિત્ર વધારે સ્ફૂર્તિ પામે છે.

કિયા પ્રકારના ચરિત્રના માણસ, કેઇ વિશેષ ઘટનાથી સંસારમાં કેવી રીતે કાર્ય કરે છે, તે દેખાડવું-અર્થાત્ ઘટના માત્ર ઉપલક્ષ કરીને ચરિત્રની

સ્ફૂર્તિ તથા વર્ણન કરવું-એ બધા નવલકથા લખનારાઓનો પ્રધાન ઉદ્દેશ છે. ચરિત્ર વર્ણના-અથવા વિશેષ ઘટના ઉપલક્ષે ચરિત્ર વિશેષના કાર્ય પદ્ધતિનું વર્ણનજ આ પંક્તિના નવલ લખનારાઓનો જેવો ઉદ્દેશ છે, ઘટના વિશેષના દ્વારા સાધારણ કાર્ય કારણ સંબંધ અનુસારે, ચરિત્ર વિશેષનું વિશેષ રૂપે પરિવર્તન થાય છે, એ પંક્તિના લખનારાઓનો જેવો જોઇએ તેવો વર્ણનીય વિષય નથી. એઓના મતે ઘટનાવલીના વર્ણનથી ક્રિયા ચરિત્રના માણસ કેવા કામ કરે છે તે સુસ્પષ્ટ અંકિત કરી શકવાથીજ-ચરિત્ર ચિત્ર વિશેષરૂપે પરિસ્ફુટ થાય છે. જો જે જગાએ ઘટના વિશેષના દ્વારા કોઇ ચરિત્રનું પરિવર્ત્તનનું વર્ણન આપવામાં આવે, તો તેઓના મતે ખરી રીતે ઘટના ઉપલક્ષ કરીને ચરિત્ર વર્ણના કરવામાં આવ્યું નહિ, ફલતું ચરિત્ર ચિત્રની સ્ફુર્તિ ન થતાં અસમ, અપ્રાકૃત તથા શિલ્પનૈપુણ્ય વિહીન તરીકે દૂષિત થશે. પૂર્વકાલના ગ્રંથકારો આ સમયના ચાલતા દાર્શનિક મતાનુસારે, ઘટના વિશેષના જે ચરિત્ર પરિવર્ત્તનમાં ક્ષમતા છે, તે ઘણા માનતા નહોતા. તેથી ઘટના વિશેષના બનતા ચરિત્રમાં ફેરફારથી ચિત્રિત કરવા તે વેળાએ ચાલ નહોતો. તે વેળાએ માનવ મનની સ્વતંત્ર ઇચ્છા (Free will) પ્રાકૃત શક્તિ તથા પ્રાકૃત ઘટનાના ઉપર મનુષ્ય મનની શકિતનો વિશ્વાસ રાખવામાં આવતો હતો.

નાટકમાં કાર્યના દ્વારાજ મનુષ્ય ચરિત્ર અંકિત થાય છે. ઘટના પ્રધાન નૉવેલ-ઘટનાનું પ્રાધાન્ય તથા મનુષ્ય મનના ઉપર તેનું કેટલુંજ, આધિપત્ય માનવું પડે છે, અને તે પ્રમાણે મનુષ્યના ઉપર તેની ક્ષમતા કેટલી દેખાડવી પડે છે, અને આ ઉપરથી ચરિત્રની સ્ફૂર્તિ કરવામાં આવે છે. નાટકમાં મનુષ્ય ચરિત્રનું પ્રાધાન્ય છે-પ્રકૃત ઘટનાના ઉપર મનુષ્ય હૃદયનો પ્રભાવ છે-મનના ઉપર બહારના બનાવો ઉપર અલ્પ માત્ર પ્રભાવ તથા સંબંધ દેખાડવામાં આવે છે. અર્થાત્ નૉવેલ મનના ઉપર ઘટનાનો અથવા બહારના જગતના ઉપર મનનું આધિપત્ય, અને નાટકમાં બહારના જગતના ઉપર મ-

નનું આધિપત્ય વિરોધરૂપે વર્ણિત થાય છે. ઉત્કૃષ્ટ નાટકમાં જેવા બધા બનાવમાં ચરિત્ર ઉત્કર્ષ અર્થાત્ બહારના જગતની સાથે ચરિત્ર નિર્લિપ્ત અવસ્થાની રક્ષા કરવામાં આવે છે—માનવ મનની સ્વતંત્રતા, માનવ ચરિત્રની બાહ્યિક ઘટના સંબંધમાં નિરપેક્ષતા દેખાડવામાં આવે છે,—તેમ ઉત્કૃષ્ટ નૉવેલમાં મનુષ્ય ચરિત્રની સાથે બાહ્ય ઘટનાનો સંબંધ છે, મનુષ્ય ચરિત્ર ઉપર બહારના જગતનો પ્રભાવ અને શી રીતે ઘટના એક બીજાની મદદથી કેવા ચરિત્રની સૃષ્ટિ અથવા પરિવર્તન થાય છે, તેજ પ્રધાન દેખાડવામાં આવે છે. નાટકમાં બહારના જગતની સાથે મનુષ્યનો સંબંધ નક્કી કરવો અથવા પ્રકૃત ચરિત્ર વર્ણન કરવાના શિવાય બીજો પણ એક ઉદ્દેશ છે. નાટકમાં મનના ગૂઢ ભવ્ય, મનના ઘાત પ્રતિઘાત, સુખ દુઃખ, આશા ભય, બહારના જગતના દ્વારા મનનું પરિવર્ત્તન આદિ મનની કાર્ય પદ્ધતિ, તેની વિચાર પ્રણાલી—તેની વૃતિયોની ગતિ પ્રણાલી બધું સમજાવવાનો યત્ન કરવામાં આવે છે. સત્ય રાજ્યનો લોહડાના દરવાજો ઉઘાડીને મનને તેમાં પ્રવેશ કરવા દેતા, તેના અતુલ સૌન્દર્ય મનને દેખાડવામાં આવે છે. તેથી નવલકથા તથા નાટકમાં આ ભેદ ઘણો મોટો છે. મનુષ્ય લઇને નાટક છે અને બહારનું જગત લઇને નૉવેલ છે. તે છતાં કાર્ય ક્ષેત્રમાં આ પ્રભેદ વિશેષરૂપથી રક્ષા થતો નથી. ગમે તેમ હો, નૉવેલમાં આપણે જે પહેલી પંક્તિના ચરિત્ર ચિત્રના વિશે કહ્યું છે, તેમાં ઘણું કરીને બહારના જગતની સાથે મનુષ્ય ચરિત્રનો સંબંધ સારી રીતે દેખાડ્યો નથી. તેમાં મનુષ્ય ચરિત્ર શી રીતે સૃષ્ટિ થાય છે, તે વિવૃત કરવામાં આવતું નથી. મનુષ્ય ચરિત્રનું મૂળ સૂત્ર શું છે—મનુષ્ય ચરિત્ર પરિવર્તનનું કારણ શું છે—ક્રિયા બનાવો શી રીતે મનના ઉપર કેવી રીતે કામ રહે છે—તે બધા જરૂરના દર્શનિક તત્વના દૃષ્ટાંત દ્વારા સિદ્ધાંત આ પંક્તિના નવલકથામાં કરવામાં આવતા નથી એવા નૉવેલમાં કેવળ નાના પ્રકારના ચરિત્ર વર્ણના અને ઘટના વિશેષમાં તે બધા ચરિત્ર શી રીતે કાર્ય કરે છે, તેજ દેખાડવામાં માત્ર આવે છે. આ પંક્તિના નૉવેલ કેટલીક રીતે નાટકના જેવા છે.

બીજી જાતના ચરિત્ર ચિત્ર, વધારે મહેનતથી સાધ્ય થાય છે. કાલ્પનિક પ્રકર્ષ પર્યન્ત (Ideal) ચરિત્ર વર્ણન કરવું એ બીજી પંક્તિમાં સામેલ થયલા નૉવેલનો મુખ્ય ઉદ્દેશ છે. પહેલી શ્રેણીના ચરિત્ર–ચિત્રમાં જેમ સ્વાભાવિક ચરિત્ર માત્ર ચિત્રિત કરવામાં આવે છે, તેમ આ બીજી પંક્તિના નૉવેલમાં માનવ ચરિત્ર વર્ણનમાં નવા પ્રકારના (અથવા ઘણું કરીને જેવાં સંસારમાં મળતા નથી એવા) ચરિત્ર કલ્પીને ઘટના એકમેકથી જેવા ચરિત્રની કાર્ય પ્રણાલી વર્ણન કરવામાં આવે છે, અને તેની સાથે ચરિત્રની સારી પેઠે સ્ફૂર્તિ કરવામાં આવે છે એવા ચરિત્ર ચિત્રમાં બહારના બનાવની સાથે માનવ પ્રકૃતિના કાર્ય કારણ સંબંધ દર્શાવીને તેવા ચરિત્રનું મૂળ તત્વ બતાવવામાં આવતું નથી. કેવળ માત્ર કલ્પના શક્તિની મદદથી આ નવો પ્રકાર અસાધારણ ચરિત્ર વર્ણન માત્ર કરવામાં આવે છે; તેથી પહેલી પંક્તિના કથા ગ્રંથ આ બીજી પંક્તિના નૉવેલમાં જૂદાપણું ઘણું હોતું નથી. તો પણ આ પંક્તિના ચરિત્ર ચિત્રમાં ગ્રંથકારને અસાધારણ કલ્પના અને કવિત્વની જરૂર પડે છે. ઘણા ખરાં નવલકથામાં આ બે જાતના ચરિત્ર ચિત્ર જોવામાં આવે છે, સ્કૉટ, લિટન વગેરે ઘણા ખરા પ્રખ્યાત નૉવેલ લખનારાજ આ માર્ગનું અનુસરણ કરી ગયા છે. આવા કથા ગ્રંથો ખરેખર સંસારના તથા મનુષ્ય ચરિત્રના દર્પણ સ્વરૂપ છે. એમાં પ્રકૃત ચરિત્રના પ્રતિબિંબ જેટલા પ્રતિફલિત થાય છે, જેટલા સ્પષ્ટ અને ઉજ્વલ થાય છે, તેટલા ચરિત્ર ચિત્રની શિલ્પ ચાતુર્ય વધારે પ્રશંસાને પાત્ર થાય છે.

આ ઠેકાણે નાટક અને નવલકથાના પ્રકૃતિગત ભેદ નહિ જાણ્યાથી નૉવેલની ખરી સ્થિતિ સમજાશે નહિ. સાધારણ ચરિત્ર ચિત્ર નાટક અને નવલકથા બેઉનો ઉદ્દેશ છે, તોપણ નાટકમાં જે ઘટનાવળીથી ચરિત્ર ચિતારવામાં આવેછે, તેની સંખ્યા પહેલા કરતાં ઓછી હોય છે. કથાગ્રંથમાં ઘટનાવળીના ઉપર તથા સ્વભાવ વર્ણનના ઉપર વધારે નજર રાખવામાં આવેછે, નાટકમાં મનુષ્ય ચરિત્ર વર્ણન કરવાનો કેવળ અંકમાત્ર ઉદ્દેશ હોય

છે. નાટકમાં ચરિત્ર ખીલાવવાની જગા રહેતી નથી. તેથી જે બનાવથી ચરિત્ર સંગઠિત થાયછે, તે નાટકમાં દેખાડવામાં આવતું નથી. તેથી નાટકમાં સંગઠિત મનુષ્ય ચરિત્ર લઇને તેને ઘટનાની સામે રાખીને તેના કાર્ય દેખાડવામાં આવેછે અને તેની સાથે ચરિત્ર પણ સમજાવવામાં આવે છે.

ગમે તેમ હો, આજકાલ સારા કથાગ્રંથમાં ઘણું કરીને આવી રીતે ચરિત્ર ચિત્ર વધારે જોવામાં આવતું નથી. આગળ કહ્યું છે કે પ્રચલિત દર્શનશાસ્ત્રના મતાનુસારે નૉવેલના ચરિત્ર ચિત્ર પરિવર્ત્તિત થાય છે. જે વખતે પ્રચલિત દર્શનશાસ્ત્રનુયાયી મતાનુસારે મનુષ્ય મતની સ્વતંત્રતા (free will) અર્થાત્ બહારના જગતની સાથે મનની નિર્લિપ્ત અવસ્થા, સાધારણ વિશ્વાસ રાખતા હતા, તે સમયે નૉવેલમાં પણ પહેલી અને બીજી પંક્તિના ચરિત્ર ચિત્રિત થતા હતા માત્ર, અર્થાત્ કેવળ વિશેષ ઉપલક્ષે મનુષ્ય વિશેષથી કેવી રીતે કામ કરે છે તેજ દેખાડવામાં આવતું હતું. પહેલા કહી ગયા છીએ કે નાટકોનો પ્રધાનતઃ એજ ઉદ્દેશ હતો. ઉત્કૃષ્ટ નાટક જે વખતે લખવામાં આવ્યા, તે વેળાએ પ્રચલિત દર્શિનિક મત પણ આવા હતા. એ વાસ્તે પહેલાથી નાટક તથા નવલકથામાં આવો પ્રભેદ વધારે જોવામાં આવતો નહોતો. ત્યાર પછી દર્શિનિક મતનો ફેરફાર થવાનો આરંભ થયો. યુરોપના કેટલાક પ્રખ્યાત દર્શિનિક પંડિત, પહેલા પ્રચલિત મતના બદલે, બહારના બનાવની સાથે મનનો સંબંધ, અને બહારના બનાવ–મનુષ્ય ચરિત્ર સૃષ્ટિ તથા પરિવર્તન કરવાનું મોટું કારણ (law of necessity) આ મત ચલાવ્યો, નૉવેલ લખનારાઓએ પણ આ લાગ મેળવીને પહેલાનો માર્ગ છોડીને પૂર્વ પ્રણાલી અનુયાયી ચરિત્ર ચિત્ર કરવાનો આરંભ કર્યો. આ નવી રીતે ચરિત્ર ચિત્ર વર્ણન કરવાની પહેલા તે વેળાના દર્શિનિકોના મત જરા સમજવા જોઇએ; મનુષ્ય ચરિત્ર કેટલાક કારણનું સમવાય ફળ માત્રછે. પૂર્વે ગમે તે હો પણ હાલમાં આવો સિદ્ધાંત થયો છે કે ચરિત્ર સંગઠનમાં પ્રધાનતઃ બે કારણ વર્તમાન છે. પહેલા મા-

બાપની માનસિક વૃતિ, હાર્બટ સ્પેન્સર એને Heridity કહે છે, અને બીજી આનુષંગિક અવસ્થા પરંપરાથી આપણે કહીએ છીએ કે બાપ તેવા બેટા અને વડ તેવા ટેટા એટલે પિતાના માતાના ગુણ સંતાનમાં ઉતરે છે. પણ હાલના દર્શનશાસ્ત્રમાં આ મત સપ્રમાણિત થયો છે તે કદાચ આપણા માંથી કેટલાક જાણતા પણ નહિ હશે, અવસ્થા પરંપરાથી શી રીતે ચરિત્ર સંગઠિત થાય છે, તે હમણાં સમજાવવાની વિશેષ આવશ્યકતા નથી. એક ઉદાહરણ આપ્યાથી એનો અર્થ કેટલોક સમજાશે. ધારો કે એક માણસ આખી ઉમ્મર સુધી ચોરના ઘરમાં ઉછર્યો છે. સામાન્ય પૈસાના લોભથી નિરાશ્રય મુસાફરોને તેના પિતા માતાએ અબોધથી હત્યા કરી છે—તે તેણે પોતાની આંખથી જોયું છે. એવી સ્થિતિમાં દયાવૃતિ તેના મનમાં ઉદય થવી એ સંભવતી નથી. તે પણ નાનપણથી લૂંટારાનું કામ કરવામાં અથવા હત્યા કરવામાં કંઇ પણ કુઠિન થશે નહિ. તે છતાં જો તેને બીજી પ્રકૃતિનો માણસ થયલો જુઓ તો કારણની તપાસ કરો—નિશ્ચય જોશો કે તેના સંસૃષ્ટ અવસ્થાનું કંઇ પરિવર્તન થયું છે. સંસારમાં કરોડો બનાવ અથવા અવસ્થામાં પ્રત્યેક માણસ કેટલાં કરોડ અવસ્થાની સાથે બંધાયલા છે તેનો નિશ્ચય કરવો એ ઘણું સહેલું કામ નથી. વળી પ્રત્યેક માણસનો જ આ સંસૃષ્ટ અવસ્થા એક બીજાથી ભિન્ન જાતની છે. તેથી તે અવસ્થાથી તેનું જેવું ચરિત્ર સંગઠિન થાય છે, તે પણ ભિન્ન પ્રકારનું છે. દરેક મનુષ્યના મુખાવયવ જેવા જૂદા જૂદા છે—ચરિત્ર પણ તેવું વિભિન્ન છે. તે ચરિત્ર સંઘટનગત ઘટનાઓને અમે બે ભાગમાં વહેચીએ છીએ. પહેલું અધિભૌતિક External અવસ્થા; બીજુ—આપણી અધ્યાત્મિક અથવા માનસિક (Internal) અવસ્થા, આ માનસિક અવસ્થામાં જો પૈત્રિક માનસિક વૃત્તિઓ પકડવામાં આવે તો (Heridity) સ્વતંત્ર વિભાગ કરવો જરૂરનો નથી. ગમે તેમ હો, આ વાત આ જગાએ વિસ્તારિત કહેવાની જરૂર નથી.

જો અસંખ્ય બનાવ અથવા અવસ્થાથી ચરિત્ર સંગઠિત અથવા પ-રિવર્તિત થાય, તો ચરિત્ર ચિત્રમાં તે અનુસંધાન કરવું એ એક રીતે અ-સાધ્ય તરીકે હમણા જણાશે. પણ ખરી રીતે જોતાં કેટલાક મૂળ કારણમાં પ્રધાનતઃ ચરિત્ર સંગઠિત થાય છે. અનુષંગિક સામાન્ય કારણો ચરિત્રને અતિ સામાન્ય પરિમાણે વિકૃત કરે છે માત્ર જેટલું ચરિત્ર સુગંઠિત થાય છે—જેટલું દૃઢ થાય—તેટલું તે ચરિત્ર સામાન્ય બનાવની અથવા સામાન્ય શક્તિના દ્વારા વિચલિત થઇ શકતું નથી. કેટલાક બનાવ દ્વરા ચરિત્ર સંગઠિત થાય છે ખરૂં, પણ ત્યારે એકવાર સારી રીતે સંગઠિત થઇ જાય છે, ત્યારે તે બધી શક્તિના પ્રભાવથી ચરિ-ત્રની અન્તર્ભૂત શક્તિ વિશેષરૂપથી વૃદ્ધિ થાય છે, ત્યારે તે બીજા બનાવની શક્તિનો વેગ રોકી શકે છે તેથી આ નિરોધ શક્તિનું પરિમાણ કરીને આપણે પ્રકૃત ચરિત્ર તત્વ જાણી શકીએ છીએ. ચરિત્ર જેટલું મહત્ જેટ-લું ઉચ્ચા પ્રકારનું થાય છે, તેટલો અબોધમાં ઘટનાવલીનો પ્રભાવ સહન કરી શકશે પહેલી અને બીજી શ્રેણીના નૉવેલ લખનારામાં આવા સંગઠિત ચરિત્ર આરંભ કરીને ચરિત્રની ઉત્કર્ષાંપર્ષાનુસારે તેના ઉપર ઘટનાવલીની ક્રિયા દેખાડે છે. ચરિત્ર ઉત્કૃષ્ટ થયાથી તેના ઉપર ઘટનાવલીનો પ્રભાવ વધારે કરીને તેનું ગુરૂત્વ તેની શક્તિ વધારીને આદર્શ ચરિત્રને તેમાં અ-ચલ રાખીને ચરિત્રનો ઉત્કર્ષ પ્રમાણ કરે છે. તેથી પહેલા અને બીજા પંક્તિના ચરિત્ર ચિત્રને એકીવારે દાર્શનિક સત્યના વિરોધી કહી શકાતા નથી.

ત્યારે આવા ચરિત્ર-ચિત્રમાં શી રીતે ચરિત્ર સંગઠિત થાય છે. શા શા કારણના ઉપર ચરિત્રની ઉત્કર્ષાપકર્ષ આધાર રાખે છે, તે દેખાડવામાં આવતું નથી. ચરિત્ર એક રીતે નક્કી કરીને તેમાં કેટલીક પરિમાણે અન્ત ર્ભૂત શક્તિ કલ્પીને, પ્રથમ અને બીજી પંક્તિના નૉવેલ લખનારાઓ ઘટના-વળીની મદદથી તેની પરીક્ષા કરે છે. ઘટનાવળીની સાથે ચરિત્રનો ઘાત પ્ર-તિઘાતમાં, આકર્ષણ વિક્ષેપણમાં જે કાર્ય પરસ્પરાની સૃષ્ટિ થાય છે, તેના

દ્વારાજ ચરિત્ર સમજાવે છે. આવી પહેલી અને બીજી શ્રેણીના ચરિત્રચિત્ર આ પંક્તિના ચરિત્ર ચિત્રમાં સર્વ પ્રધાન છે. ત્યારે જે નવલકથા લખનારાઓ મનુષ્યની સ્વતંત્ર ઈચ્છાના (Free will) ઉપર નિર્ભર કરીને ઘટનાવળીના દ્વારા ચરિત્રનું પરિવર્ત્તન થતું નથી, આવો વિશ્વાસ કરીને બધી પંક્તિના બનાવમાં ચરિત્રને અચળ તથા સ્થિર રાખેછે, તેના કેટલાક પરિમાણુથી દર્શન સંમત સત્યમાર્ગ અનુસરણ કરતા નથી.

વળી એક વાત એ છે કે પૂર્વે સંસારના ઘણાખરા વ્યાપારજ કાર્યકારણ સૂત્રમાં આબદ્ધ કરવામાં આવતા નહોતા. તે વેળાએ અદૃષ્ટના (Fate or chance) ઉપર ઘણાક બનાવનો આરોપ કરવામાં આવતો હતો. મનુષ્ય ચરિત્ર પણ આ (chance) અથવા અદૃષ્ટના ઉપર આધાર રાખેછે, એજ લોકોના મનમાં વિશ્વાસ હતો, તેથી તે પંક્તિના નૉવેલો પણ આ વિશ્વાસના બહુલ પરિમાણે આભાસ મળે છે. એ વાસ્તે તે વેળાના નવલકથામાં વિશેષત પ્રથમ અને બીજી પંક્તિના નૉવેલોમાં મનુષ્ય ચરિત્ર શી રીતે સંગઠિત થાયછે, કોઈ કાર્યકારણ નિયમાનુસારે મનુષ્ય ચરિત્ર સંગઠન કરેછે, તે દેખાડવા માટે પહેલથી યત્ન કરવામાં આવતો નહોતો. અદૃષ્ટના ઉપર મનુષ્ય ચરિત્ર સંગઠનનો ભાર આપવામાં આવતો હતો.

અમે એકના પછી એક નૉવેલના ચરિત્ર ચિત્રની જરૂરને દેખાડી ગયા છીએ. અને ચરિત્ર ચિત્રની પંક્તિવિભાગ કરીને તેમાં પહેલા ત્રણ જાતના ચરિત્ર ચિત્રના સંબધી લખી ગયા છીએ, એ ત્રણ જાતના ચરિત્ર ચિત્રના શિવાય કેટલાક નૉવેલમાં બીજા એક જાતનું ચરિત્ર ચિત્ર જોવામાં આવેછે, તે ઘણું કવિત્વ પૂર્ણ તથા શિલ્પ ચાતુર્ય પૂર્ણ જણાયછે. પૂર્વકાળના ચરિત્ર ચિત્રમાં ચરિત્રની સ્ફૂર્ત્તિ અને વર્ણન કરવું, અથવા ચરિત્ર ગડનના ઉપયોગી ઉપકરણ દેખાડવા એ જેવી મતલબ હતી, આ પંક્તિના ચરિત્ર ચિત્રમાં તેવી મતલબ નથી. એમાં ચરિત્ર સ્વાભાવિક થયું છે કે નહિ, જેવું સાધારણ સંસારમાં મળવું સંભવે છે, એવું ચરિત્ર અંકિત થયું છે કે નહિ

તે દેખાડવાની જેટલી જોઇએ તેટલી જરૂર નથી. એમાં આપણા મનની એક એક વૃતિને મનુષ્યકારમાં દેખાડીને તેઓની ગતિ, શક્તિ તથા કાળ પ્રણામી દેખાડાય છે. એક એક વૃતિ એક એક પ્રકૃત વ્યક્તિ છે, અથવા એક ચરિત્રમાં એક માત્ર વૃતિના શિવાય બીજી કોઇ વૃતિ નથી, આવું અંકિત કરવામાં આવે છે. ધારો કે સ્ત્રીનો સંતાન સ્નેહ વૃતિને કાર્ય પદ્ધતિમાં દેખાડવો છે. નવલકથા લખનારાઓ તે ચરિત્રમાં બીજી કોઇ વૃત્તિની સ્ફૂર્તિ નથી, અથવા હોય તોપણ તે આ વૃતિથી એકીવારે અભિભૂત થઇ છે. આવી રીતે દેખાડીને તેના ઉપર સાંસારિક બીજા બનાવના કાર્ય દેખાડેછે. કેટલીક વિપદમાં પડીને, કેટલા જુલમ સહન કરીને, કેટલીક દુઃખ પામીને, તે વૃતિએ નારી-હૃદયમાં કેવું કાર્ય કર્યું, તે કવિએ દેખાડયું. આપણા મનમાં તેનું ચિત્ર મજબુત ઠસી ગયું. આવી રીતે આ પંક્તિના નૉવેલમાં આપણી મનોવૃતિયો એક એક લઇને તમને એક એક ચરિત્ર ચિત્ર કરવું ઘણું ભારે કાર્ય છે; એ વાસ્તેજ જણાય છે કે એમાં ઘણાજ થોડા માણસોએ પ્રખ્યાતિ મેળવી છે. મનોવિજ્ઞાન સમજાવવું અને મનની વૃત્તિયોના કાર્ય દેખાડવા એ દાર્શનિકોનું કામ છે. તે વૃતિઓની શક્તિ અને બહારના જગતની સાથે, વિશેષ વિશેષ બનાવો સાથે તેઓનો સંબંધ સમજાવવો, એ પ્રકૃત વૈજ્ઞાનિક દાર્શનિકોનું કામ છે. તે વૃતિયોને વળી જીવિત રાખીને, તેઓને મનુષ્યરૂપમાં લાવીને સ્વાભાવિક મનુષ્યના જેવા તેઓની કાર્ય પ્રણાલી સમજાવીને ઘણા ઉંચા પ્રકારના કવિનું શિલ્પ કાર્ય છે. તેથી એકત્ર જે વૈજ્ઞાનિક, દાર્શનિક ઉંચી જાતનો કવિ તથા શિલ્પી છે અને સમાજ તત્વજ્ઞ પંડિત છે, તેજ કેવળ યત્ન કરે તો એવું અસાધારણ ચરિત્ર ચિત્રિત કરી શકે છે. તે વાસ્તે એવા ચરિત્ર ચિત્ર કરવામાં ઘણાજ થોડા માણસો સાહસી થાય છે અને ઘણાજ થોડા માણસો તેમાં સ્નેહ મેળવે છે.

આવા ચરિત્ર ચિત્રનો સર્વ શ્રેષ્ઠ નૉવેલ લખનાર વિકટર હ્યુગો હતો. ઘણાકો જાણતા હશે કે તેના જેવો ઉચ્ચા પ્રકારનો કવિ અને દાર્શનિક ક્વા-

ન્સમાં ઘણાજ થોડા જન્મ્યા છે. તેના Les miserabilis નામની નવલકથાના ઘણા ખરા પ્રધાન ચરિત્ર ચિત્રજ આ પંક્તિના છે. જેણે આ નૉવેલ વાંચ્યું છે તેણેજ જોયુ હશે કે, ફેનલાઇન અથવા સંતાન વાત્સલ્ય, "વદિ અથવા કર્ત્તવ્ય જ્ઞાન કેટલી સુંદર રીતે અને પ્રકૃત ચરિત્રના પ્રમાણે કેવું શિલ્પચાતુર્યની સાથે વર્ણિત થયું છે. હ્યુંગોના Hanch back or Notre Dame of Paris નામના બીજા એક નૉવેલના લગભગ બધા ચરિત્રજ આવા છે. દરેક ચરિત્રમાંજ વર્ણનીય વૃતિ સ્ફૂર્તિ, પરિગણિત અદમ્ય ગતિ તથા અપરિસીમ શક્તિ અને આખરે આ વૃત્તિની હદ આવ્યાથી જીવનની તથા આહુતિ વિનાશ કેટલા આશ્ચર્ય કૌશલની સાથે વર્ણિત થયું છે. કાવ્યમાં જેમ Personification, આર્યોના સંગીતની રાગિણી વગેરેના જેવી રૂપની કલ્પના છે, વળી જેમ ચિત્રકરની મનોવૃતિ અથવા શીત ગ્રીષ્મ વગેરે અપ્રત્યક્ષ વિષયના પ્રતિચિત્ર કલ્પના છે. તેમ નૉવેલના આ પંક્તિના ચરિત્ર ચિત્રમાં પણ મનોવૃત્તિયોના ચરિત્ર ચિત્ર છે, વાસ્તવિક મનોવૃતિઓનું પૃથક્કરણ (Analysis) માત્ર છે જેમ પહેલા ત્રીજા પ્રકારના ચરિત્ર ચિત્રમાં, ચરિત્રની અને તેના સંગઠનકારી શક્તિયોનું પૃથક્કરણ (Analysis) વિશે કહ્યું હતું. આ પંક્તિના ચરિત્રમાં તેમ પૃથક્કરણ થતું નથી. એમાં ચરિત્ર ગઠનકારી શકિતયોના બદલે, કેવળ મનોવૃતિયોનું પૃથક્કરણ કરેલું માત્ર હોય છે. જેઓએ અંગ્રેજી ન્યાયશાસ્ત્ર વાંચ્યું છે, તેઓ જાણે છે કે અનુમાન પ્રમાણમાં વિયોજક પ્રણાલી (Methad of Dillerence) થી જ અભ્રાંત સત્યનું પ્રમાણ મળે છે. વિયોજક પ્રણાલીના દ્વારા જેમ કોઇ એક કારણના ખરા કાર્ય દેખાડવા માટે, પરિક્ષાથી એક એક તેની સાથે સંબંધના બીજા કારણ અને તેના કામો, કાર્ય અને કારણ એકબીજાથી વીણીને પરિત્યાગ કરવામાં આવેછે, અથવા કેટલાક કારણ મેળવીને કાર્યનું પરિવર્ત્તન અથવા નવા કાર્યનો આવિર્ભાવ દેખાડવામાં આવેછે. આવી રીતે સુસ્પષ્ટ કરીને કાર્યકારણ સમજાવવું પડેછે; તેમ નૉવેલમાં આ પંક્તિના ચ-

રિત્ર ચિત્રમાં મનોવૃતિયો તથા તેના કાર્યો એકે એકે એક એક વૃતિ લઇને તથા તેના કાર્ય તથા શક્તિથી પરીક્ષા કરીને બધી વૃતિઓના સ્વતંત્ર કાર્ય તથા તેની શક્તિના પરિમાણ નિર્દ્ધારિત કરવામાં આવેછે. તેથી એવા ચરિત્ર ચિત્રમાં સંપૂર્ણ માણુસ અંકિત નહિ કરતાં તેની બધી વૃતિયો તથા તેઓનો એકએકનો સંબંધ અંકિત નહિ કરતાંજ કેવળ એક માત્ર વૃત્તિવાળા માણુસનું ચરિત્ર અંકિત કરવામાં આવેછે. અથવા આપણી મનની બીજી વૃત્તિની સાથે ધાત પ્રતિધાત, અથવા સંયોગ તથા વિયોગમાં જે સમષ્ટિ અથવા Compound વૃતિના કાર્ય સ્વભાવતાજ થાયછે, અને જેમાં કોઇ વિશેષ વૃતિની ગતિ તથા કાર્ય પ્રણાલી સહજ ઉપલબ્ધ થતી નથી, તેવી વૃત્તિઓનો એક બીજા વચ્ચના સંબધના કાર્ય ન જોતાં, કેવળ કોઇ એક માત્ર ચરિત્રનું સ્વતંત્ર કાર્ય દેખાડવામાં આવેછે. આપણા મનની નાંના પ્રકારની વૃતિ છે. સર્વ મનમાં સર્વ વૃતિ પ્રબળ હોતી નથી. ચરિત્ર વિશેષમાં તેની કેટલીક વૃતિ અથવા સંભવત કોઇ એક વૃતિજ પ્રબળ હોયછે. તેથી તેવા ચરિત્રના કાર્યના મૂળમાં આ વૃત્તિઓ અથવા તે એક માત્ર વૃત્તિજ મૂળકારણ સ્વરૂપે રહેછે. બધી વૃતિયોની સંપૂર્ણ સ્ફૂર્તિ તથા પરિગણિત થવી એ સંભવ નથી. અથવા તેવી અવસ્થા થવા છતાં પણ એક વૃતિના કાર્ય બીજી વૃતિના દ્વારા ઘણું કરીનેજ પ્રતિહત થાય છે. તેથી બધી વૃત્તિની સંપૂર્ણ સ્ફૂર્તિ દેખાડીને કોઇ નૉવેલ લખનાર કોઇ ચરિત્રની કલ્પના કરીને તેના કાર્ય દેખાડયાં છે કે નહિ તે જાણુતા નથી. પણ ઘણું કરીને નૉવેલ લખનારાઓ કેટલીક વિશેષ વૃતિવાળા માણુસો લઇને તેજ અંકિત કરવાનો યત્ન કરેછે, વળી જેઓ આ શ્રેણીના ચરિત્ર અંકિત કરેછે, તેઓ પ્રધાનતઃ એક માત્ર વૃત્તિવાળા ચરિત્ર દેખાડેછે, આવા ચરિત્ર સંસારમાં મળતા નથી. તોપણ કદી કદી એક માત્ર વૃત્તિનું પ્રાધાન્ય મનુષ્યને આપી શકાય છે, અથવા અવસ્થા તથા સમય વિશેષમાં કોઇ વિશેષ વૃત્તિનું પ્રાબલ્ય માત્ર થાય છે. એટલા માટે આવા ચરિત્ર કદી સ્વાભાવિક (Realistic) થઇ શકતા

નથી. કાલ્પનિકજ (Idealistea) થાયછે. પણ કવિ તે ચરિત્ર તથા તેની કાર્ય પ્રણાલી, અને તે વર્ણિત ચરિત્રની પ્રકૃતિના કાર્ય અને પરિણતિ આવા આશ્ચર્ય કૌશલની સાથે વર્ણન કરેછે કે તે કદી અસ્વાભાવિક તરીકે જણાતાં નથી.

અમે એકના પછી એક ઘણું કરીને જે ચાર પ્રકારના ચરિત્ર નૉવેલમાં ચિત્રિત થાય છે તેનું વર્ણન કર્યું. પહેલા કહી ગયા છીએ કે આ ચરિત્ર ચિત્રજ નવલકથાનો પ્રાણ સ્વરૂપ છે. ચરિત્ર ચિત્રની જ્યાં સુધી સ્ફૂર્તિ થાય છે, તે જેટલી સ્વાભાવિક છે, અથવા સ્વાભાવિક નિયમના આધીનભાવથી વર્ણિત થાય છે તેટલી નવલકથાની શ્રેષ્ઠતા રક્ષા પામે છે. પહેલા અને બીજી જાતના ચરિત્ર ચિત્રમાં જે સ્વાભાવિક તથા કલ્પાનિક આદર્શ ચરિત્રનું વર્ણન થયુ છે અને ઘટના તથા અવસ્થા વિશેષના દ્વારા તેવું ચરિત્રની જે સ્ફૂર્તિ થાય છે; તે જેટલું વિશદ જેટલું સ્વાભાવિક તથા ઘણું કરીને દુનિયા જેવું દેખાય છે, તેના જેવું થાય છે, તેટલું જ તેવા ચરિત્ર ચિત્રની શિલ્પ કૌશળ પ્રશંસિત થાય છે. તેવી રીતે ત્રીજા પ્રકારના ચરિત્ર-ચિત્રમાં જે કારણો પરંપરાથી ચરિત્ર સંગઠન અને તેની ખીલવણી થાય છે, અને જે જે કારણથી તેનું જેવું પરિવર્ત્તન તથા આકાર ધારણ કરે છે તે બધા કારણ તથા ઘટના જેટલા સ્વાભાવિક તથા જેટલા વૈજ્ઞાનિક સત્યાનુયાયી થાય છે, તેટલું તે વધારે આદરણીય થાય છે.

અમે જે ચાર પ્રકારના ચરિત્ર ચિત્રના વિશે કહ્યું છે તેનો પ્રભેદ કાંઇ ક્ષેત્રમાં વિશેષરૂપે જણાતો નથી. પ્રથમ અને બીજી પંક્તિના ચરિત્ર ચિત્ર કરી એકત્ર વર્ણિત થાય છે. કદી પહેલું અને ત્રીજુ અથવા બીજુ અને ત્રીજુ ચરિત્રના ચિત્ર એકત્ર સંમિલત થાય છે. જે નવલકથા લખનારાઓએ ગાર્હસ્થ્ય ચિત્ર આંક્યાં છે તેઓમાં કેટલાકોએ પહેલી પંક્તિના ચરિત્ર ચિત્રિત કરવામાં અત્યંત શિલ્પ ચાતુર્ય દેખાડયું છે.

જેટલી વિજ્ઞાનની ઉન્નતિ થાય છે, તેટલું જીવજગત્ તથા વનસ્પતિ

જગત આપણે હાથ આવતું જાય છે. પંક્તિ વિભાગજ, વનસ્પતિ વિદ્યા, પ્રાણી વિદ્યા અને રસાયણ વિદ્યાને આપણા આધીનમાં કરે છે. આવી રીતે શ્રેણી વિભાગના દ્વારાજ, આપણે બધા માણસોને આપણા જ્ઞાનના આધીન કરી શકીએ છીએ. જરૂર જોગી જેટલી નાના પ્રકારથી આ શ્રેણી વિભાગ થઇ શકે છે. તો પણ જાતિ હિસાબે શ્રેણી વિભાગજ ખરી વિજ્ઞાનિક શ્રેણી વિભાગ વનસ્પતિ અને પ્રાણી વિદ્યાની આ શ્રેણી વિભાગ દ્વારાજ તેઓની આટલી ઉન્નતિ થઇ છે. આવી શ્રેણી વિભાગ કરવામાં આપણને કેટલાક આદર્શ (અથવા type) વીણી લેવા પડે છે. અને જેટલું તે આદર્શના પ્રમાણે થાય છે બધા તે ટાઇપમાં સામેલ થાય છે. વૈજ્ઞાનિકો કહે છે કે આ ટાઇપોજ કેન્દ્ર સ્વરૂપ છે, અને એના અન્તર્ગત બધા એની ચારે બાજુએ વીંટાયલા છે. જેટલો કેન્દ્ર છેટે જાય છે, અને આખરે બીજા ટાઇપ ભળી જાય છે.

મનુષ્ય સમાજને પણ આવા typo પ્રમાણે શ્રેણી વિભાગ કરવામાં આવે છે, અને બધા ગુજરાતી અથવા બધા અંગ્રેજને આવા એક એક ટાઇપમાં સામેલ કરીને, આપણે તેમાંની શ્રેણી વિભાગ કરીએ છીએ. તેથી ગુજરાતી ચરિત્ર કહ્યાથી ગુજરાતીનો એક આદર્શ આપણા મનમાં ઉદય થાય છે. જે જેટલો આ આદર્શની પાસે છે તે તેટલો ગુજરાતી છે, વળી જે જેટલો તે ટાઇપથી છેટે છે તે તેટલો અગુજરાતી છે. એટલા માટે કોઇ ચરિત્ર ચિત્ર જોયાથી તે કેટલું તે ગુજરાતી ટાઇપના જેવું થયું છે તે બુદ્ધિમાન માત્રજ સમજી શકે છે.

ચરિત્ર ચિત્રનું મૂળતત્વ એ છે કે ચિત્રિત ચરિત્ર, આ સાધારણ ટાઇપથી જેટલી જૂદુ પડશે તેટલું તેનું તેવું વિભિન્ન થવાનું યોગ્ય કારણ જણાવવું પડશે. તે વેળાએ ચરિત્ર પરિવર્તનકાલ શક્તિયોનુ વિશેષ પરિસ્ફુટ કરવું પડશે. તેમ નહિ કર્યાથીજ ચરિત્ર, વાંચનારને બોધગમ્ય થતા નથી, અને તે ચરિત્ર ચિત્ર પણ સ્વાભાવિક થતા નથી. તેથી એવી જગાએ સં-

રિત્ર પતિવર્તનનાં કારણોનું વિસ્તાર પૂર્વક વર્ણન કરવું જોઇએ. જેઓ સંસારિક નવલકથાઓ. લખે છે—અને પ્રથમ શ્રેણીના ચરિત્ર અંકિત કરે છે તેઓને કંઇ પણ કષ્ટ નથી—ઘટના દ્વારા તે ચરિત્ર ખીલાવ્યાથી થાણું છે.

ત્રીજી અથવા ચોથી શ્રેણીના ચરિત્ર ચિત્રમાં જ્યારે ચરિત્ર સંગઠની ઘટનાવલી વિશેષ રૂપે વર્ણન કરવી પડે છે—અને જ્યારે ઘટનાઓના વર્ણનથી ચરિત્રનું પરિવર્તન વિશેષરૂપે આપવું પડે છે, ત્યારે તેને ટાઇપ ચરિત્રની તરફ વધારે દૃષ્ટિ રાખવાની જરૂર પડતી નથી. એટલા માટે જેવો ગુજરાતી નૉવેલમાં ગુજરાતી ચરિત્ર ચિત્રિત થતા નથી એવું કહીને કંટાળે છે તેઓનો અભિપ્રાય ઘણોજ ભૂલાવામાં ન થતાં પણ સર્વ અવસ્થામાં તે વાજબી નથી.

નવલકથામાં ત્રણ ગુણો જરૂર જોઇએ. ૧ લો ગુણ વિષયના ઉપર ખરો તથા નીતિનો ખેંચાવ, ૨ જો ગુણ સ્પષ્ટ રીતે ભાવ પ્રકાશ અથવા સારી રીતે ભાવ જણાવવા અને ૩ જો ગુણ આન્તરિકતા અર્થાત્ વર્ણિત વિષયના ઉપર ખરો ફિકર અથવા ચાહ.

નાની વાર્તાના સંબંધમાં લખનારે એવું લખવું કે જેવું જગત છે તેવું જોઇને લખવું એ શિલ્પીનું કૌશલ છે, કંઈ નવું બનાવવાનું કૌશલ નથી. જે જાણો, જે જ્ઞાન છે તે નાની કહાણીમાં દેખાડો. તેથી જે કહાણીયો થશે તે ખરેખર ઘણીજ ચમત્કારીક થશે.

નવલકથા લખનારે સાક્ષાત્ ભાવે કોઇ નીતિજ્ઞાન ફેલાવવાનો યત્ન કરવો નહિ. તેમ થયાથી લોકોના મનને આનંદ આપી શકશે નહિ. લોકોના મન શિલ્પ નૈપુણ્યના ઇન્દ્રજાલમાં બંધાઈ રહે છે. તેની અંદર ભાષણ પ્રવેશ કર્યાથી બધું ખરાબ થઇ જાય છે. તો પણ આવું કહી શકતા નથી કે, જગતમાં જે કંઇ છે, તે નવલકથા લખનારાઓ બધું ચિત્રી શકશે. કેવળ વાસ્તવ લઇને રહેવાથી ચાલશે નહિ. વાસ્તવ, નવલકથાના શિલ્પની વિરોધી છે Because selection is the first principle of

art કાવ્યોપયોગી વિષય પસંદ કરવો એજ શિલ્પ—સાહિત્યની સર્વ પ્રધાન નીતિ છે. લખનાર જો લખવામાં કુશળ હોય, તો ચોર લુટારા, હત્યાકારી ખુની વગેરેના ચરિત્ર ચિત્રિત કરીને પણ એને ઋષી તપસ્વીના જીવનના જેવા શિક્ષણ આપવા જેવા કરી શકે છે.

નવા નવલકથા લખનારાઓને માટે આજ સુધી કંઇ ઉપદેશ મળ્યો નથી. પણ અંગ્રેજી લખનારાઓને નવલકથા લખવાના સંબંધમાં ઘણીક સૂચનાઓ અપાયલી છે. તેઓ કહે છે કે વિચાર કરો, તપાસ કરો, શિક્ષણ મેળવો, લખવાની પદ્ધતિની ચર્ચા કરો, ઇત્યાદિ સર્વ કહે છે. પરંતુ એક મોટી વાત કોઇ કહેતા નથી તે એ છે પોતાના મનની તથા કલ્પના શક્તિને માર્જિત, પવિત્ર કરો. સાધુજીવન ગાળો, કારણ કે અકલંક પવિત્ર હૃદય, ઉચ્ચ ઉદ્દેશ, મહાન્ આદર્શ અને શુભચિંતન આ બધા નવલકથા લખનારાઓના જેવા પ્રયોજન છે તેવા બીજા કાંઇ નથી. તેના વિચાર તથા ઉદ્દેશથી લાખો માણસોના મન સંચારિત થાય છે. તેના હૃદયના ભાવો જગતની નસોમાં અતિ નિર્જનમાં, નીરવે વિચરણ કરીને ફરે છે, કેવળ મગજ લઇને શિલ્પનું કામ નથી. બુદ્ધિવૃત્તિની સાથે ચરિત્ર મહત્વ સંયોજિત નહિ થયાથી એ પ્રતિભા નામનો અધિકારી થતો નથી.

નાની વાર્ત્તા વિષે વિચાર.

સાહિત્ય–શિલ્પના હિસાબે નાની વાર્તાઓનું મૂલ્ય આપણે હજી સુધી બરાબર સમજી શકતા નથી. જેમ કવિ પોતાના હૃદયનો એકભાવ અથવા આવેગ પ્રકાશ કરવાનો યત્ન કરે છે, તેમ નાની વાર્તાઓ જીવનના એક બનાવનું વર્ણન કરવાનો યત્ન કરે છે. એક નવલકથામાં કદાચ તે નાનો બનાવ કેટલીક લીટીમાં આવી જાય છે. નાની વાર્તા તેજ પાંચ સાત પાનામાં જગા મેળવી શકે છે. ચારે બાજુથી વ્યાપેલા અંધકારમાં "બુલ્સ આઇ" ચોર

ફાનસનું અજવાળું જેમ એક જગાપર પડીને તે જગાપરની બધી નાની મોટી વસ્તુ સુસ્પષ્ટ તથા ચમકતી કરી મૂકે છે તેમ નાની વાર્તાની રચના કૌશલ જીવનના એક બનાવના ઉપર પડીને તેને સુસ્પષ્ટ તથા સમુજ્જ્વલ કરે છે. તે ચારે બાજુએ પસરેલા અંધકારમાં તે એક જગાની ઉજ્જ્વલતા સ્વાભાવિક કદાચ નહિ થઇ શકે, પરંતુ તે પેલા ફાનસના પ્રકાશના જેવું કામ કરે છે. તેમજ વિચિત્ર સુખ દુઃખ હર્ષ વિષાદ, ચડતી, પડતી, સંઘાતમય જીવનમાં એક નાનો બનાવ વધારે મોટપણું મેળવવાના ઉપયોગી નહિ થઇ શકે પણ તેને તે મોટપણું આપવું જ કહાણીઓની રચના કૌશળનું કામ છે.

સાહિત્ય—શિલ્પના હિસાબે નાની કહાણીઓ નવલકથાઓથી સંપૂર્ણ જૂદી છે. નાની વાર્તાઓ નાના પ્રકારની થઇ શકેછે. એક કંઇ વૃત્તાન્ત, એક પરીની કહાણી, એક ચરિત્રાવિવૃતિ, એક અદ્ભુત વૃતાન્ત, એક વર્ણના, એક કોઇ નીચ ધંધાદારીના દરરોજના જીવનની વાર્ત્તા વગેરે નાના પ્રકારના વિષય લઇને નાની વાર્ત્તા રચાઈ શકાય છે, પરંતુ નાની વાર્તા ગમે તે હો, નવલકથાની ટુંકામાં આવૃત્તિ નથી. સનેટ (કવિતા) તથા મહાકાવ્યમાં જેટલો તફાવત જોવામાં આવેછે, તેટલી નાની વાર્તા તથા નવલકથામાં ફરકછે. આ વાત નહિ સમજ્યાથી ઘણાક પ્રખ્યાત નવલકથા લખનારાઓ નાની કહાણીઓ લખવાને ઘણુંજ સહેલું ધારીએ. તે નવલકથાનું ટુકી આવૃતિ રચવાનું ધારેછે. નાની વાર્ત્તા લખવામાં આવી. એ પ્રકારની રચનામાં તફાવત નહિ સમજતાં તેઓ ઓરનું દોર કરી મૂકેછે. પ્રખ્યાત નવલકથા લખનારાઓનો જ્યારે આવો ભ્રમ થાયછે ત્યારે સાધારણ માણસોની એવી ભૂલ થવી એ કંઇ નવાઇનો વિષય નથી. જેઓ સાહિત્યશિલ્પ વિચારમાં અક્ષમ છે, જેઓનો વિશ્વાસ છે, નવલકથા કેવળ થકાવટ દૂર કરવામાટે રચવામાં આવેછે, તેઓ સાહિત્ય શિલ્પના હિસાબે નાની કહાણીની કિંમત સમજી શકતા નથી, એ એકરીતે નિશ્ચિત છે. જેઓ નવલકથા વાંચવાની વખતે ચિત્રિત્ર ચરિત્રના પૃથક્કરણ વગેરેની દૃષ્ટિપાત નહિ કરતાં કેવળ નવલકથાનું

આખ્યાનવસ્તુ (Plot) વાંચેછે, તેઓ કોઇ રીતે નાની વાર્તાની પ્રસંશા કરી શકશે નહિ, તેઓ સાહિત્ય-શિલ્પના હિસાબે નાની વાર્તાની માધુરી સમજી શકશે નહિ.

સાહિત્યના હિસાબે જોવામાં આવે તો ખરેખરી નાની કહાણીના નમુના ફ્રેન્ચ સાહિત્યની નાની વાર્તામાં મળે છે અંગ્રેજી સાહિત્યમાં નથી. ફ્રેન્ચ વાર્તામાં ખરેખરૂ શિલ્પ છે. તે જોવું હોય તો નારાયણ હેમચંદ્રની ફૂલછાબી અને બીજી વાર્તાઓની ચોપડી જોવી. શિલ્પ ચાતુરી વિનાના વાક્ય સ્તૂપ માત્ર છે. અંગ્રેજી કહાણી લખનારાઓમાં કેવળ ટામસ હાર્ડિ વગેરે બે ચાર જણા નાની વાર્તા લખવામાં પ્રતેચંદ નીવડયા છે.

• નવલકથાના કરતાં નાની વાર્તામાં વધારે વૈચિત્ર્યતાનો વિકાશ કરવો અસંભવ છે. નવલકથાની રચના પદ્ધતિ નાની વાર્તામાં વપરાઇ શકાય છે. તેના વિના બીજી કેટલીક રચના પદ્ધતિ છે, જે નવલકથાના લાયકની નહિ હોવા છતાં પણ નાની વાર્તામાં લગાડી શકાય છે. પહેલા અમે નવલકથા તથા નાની વાર્તામાં સાધારણ રીતે વપરાતી રચના પદ્ધતિનું વર્ણન કરીશું. સાધારણ રીતે અનુસૃત આ રીતિથી લખનાર વર્ણવેલા વિષયને ત્રીજા પુરૂષના જેવું લખે છે. આપણા દેશમાં દૃષ્ટાંત સ્વરૂપ હાલની કેટલીક નવલકથા છે વળી એક જાતની રચના પદ્ધતિ પણ ઘણીક વખત નવલકથા તથા નાની વાર્તામાં વપરાતી જેવામાં આવે છે. તે પદ્ધતિમાં લખનાર વર્ણિત ચરિત્રોમાં એક જણો થઇને વર્ણન કરે છે. દૃષ્ટાંત સ્વરૂપ નારાયણ હેમચંદ્રની પ્રેમ કથામાંની પાંચ વાર્તા, લક્ષ્મી અને માણેક. વિષયમાં નિપુણ લખનારના હાથમાં તે રચના પદ્ધતિ વિશેષ ચિત્તાકર્ષક થઈ શકે છે. નવલકથાના કરતાં નાની કહાણીમાં એ રચના પદ્ધતિ વધારે સહજથી વપરાઈ શકાયછે ડિકન્સના જેવા પાકા લખનાર પણ કેવળ David Copperfield ગ્રંથમાં એ રચના પદ્ધતિ વાપરીને સફળ થયો છે. બલ્જાકું એ રચના પ્રણાલીના પ્રયોગમાં વિશેષ નિપુણતા દેખાડી શક્યો નથી. થોડી ક-

ક્તિવાળા લખનારાઓ આ રચના પદ્ધતિનો વ્યવહાર કરવા જતાં કેવળ ગ્રંથના નાયક અથવા નાયિકાની પ્રશંસામાં ગ્રંથ પૂરો કરે છે. નવલકથામાં તથા નાની વાર્તામાં બીજી એક જાતની રચના પ્રણાલી વપરાય છે, તેમાં વાર્તાના વિષયભૂત ચરિત્રો કાગળોમાં વાર્તાનો ભાગ આપવામાં આવે છે. લાંબી નવલકથાઓ એ રીતિથી ઘણીક વખત કંટાળા ભરેલી થાય છે. એ પદ્ધતિ નાની વાર્તાઓને માટે વધારે ઉપયોગી છે. એમાં લખનારાઓના પત્રમાં દરેકનું વિશેષપણું સચવાય છે. આપણા દેશના સાહિત્યમાં ઘણું કરીને નારાયણ હેમચંદ્રના પ્રેમતરંગમાં કમળા નામની વાર્તા પહેલી છે પછી એકાદ પારસી ચોપાનિયામાં આવી છે. તે અંગ્રેજી પરથી ભાષાન્તર કરેલી છે ઘણીક વખત આ ત્રણ જાતની રચના મેળવીને લખવામાં આવે છે; તોપણ આ મેળવેલી રીતિ નવલકથાને માટે વધારે ઉપયોગી છે. કેવળ વાતચિતમાં પણ નાની વાર્ત્તા લખાઇ શકાય છે. પરંતુ તેવી રચના પદ્ધતિનું અનુસરણ કર્યાથી નાટકના નિમયાધીન થવું પડે છે, તેથી નાટકનો વિશેષ લાગ પહેલાથી મળતો નથી. કેવળ વાતચિતમાં કહાણી પૂરી કર્યાથી ક્યાં કંઇક અસંપૂર્ણ રહેલું છે એવું જણાય છે. ડાયરી (રોજ નામચા)થી ઉતારેલા ભાગના આકારથી પણ નાની કહાણીઓ લખાઇ શકાય છે. પરંતુ તેમાં લખનારની જેવી શક્તિની જરૂર હોય છે તેવી વાંચનારની શક્તિની જરૂર પડે છે. જે વાંચનાર એકવાર માત્ર આંખ મીંચીને વાંચીને પૂરી કરેલી ધારે છે તેને માટે ડાયરી (રોજ નામચા)ના આકારમાં લખેલી નાની વાર્તા પ્રીતિપ્રદ થશે નહિ.

નાની કહાણીમાં જ્યાં વાતચિત્ત પ્રચલિત કર્યાથી ચાલે ત્યાં પણ ઘણાક સિદ્ધહસ્ત લખનારાઓ વાતચિત ત્યાગે છે. ઉદાહરણ સ્વરૂપ બળકની નાની વર્ણનોલ્લેખ કરી શકાય. એ રીતિની નાની કહાણીઓ વિશેષ ચિત્તાકર્ષક તથા સૌન્દર્ય સંવર્દ્ધક છે, તે વિષયમાં સંદેહ માત્ર છે. કહેવું પડે એમ નથી કે, બીજી બધી જાતની રચનાની પેઠે નાની વાર્ત્તા પણ લખનારની

પ્રતિકૃતિના ઉપર આધાર રાખે છે. ડોટની સર્વથી ઉત્તમ નાની ગલ્પને પક-ડવામાં આવે તો તેમાં આખ્યાન વસ્તુ નહિ કહીએ તો ચાલે. રસ્તાની બે બાજુએ બે મુસાફરખાના એક ગડબડ વિનાનું વિષાદવાળું છે, અને બીજું ગડબડથી પરિપૂર્ણ ઉન્નતિશીલ છે. જુદા મુસાફરખાનાનો માલેક નવા મુસા-ફરખાનામાં તેના જૂના મુસાફરોની જોડે રમત ગમતમાં મત્ત છે. વેપાર ગુમાવીને નવા મુસાફરના કર્તાની માયામાં મુગ્ધ છે. વળી રસ્તાની બીજી બાજુના ગડબડ વિનાના જૂના મુસાફરખાનામાં એક ત્યાગેલી સ્ત્રી શૂન્ય હૃદયથી શૂન્ય ઘરમાં દહાડા ગાળે છે. તેના અંધકાર જીવનમાં જરા પણ પ્રકાશ આવવાનો લાગ નથી. આ સામાન્ય કહાણી એ ડોટની રચના કૌ-શલ કેવી હૃદયસ્પર્શી કરી મૂકી છે.

નવલકથામાં કે નાની વાર્તામાં સ્વભાવનું વર્ણન ઘણું લંબાણથી આ-વવું નહિ જોઇએ; નવલકથા લખનાર વનસ્પતિ તત્વવિદ નથી. તેને માટે દરેક નાની શની વસ્તુ જોવાની જરૂર નથી.

સાહિત્ય–શિલ્પને માટે ટૂંકામાં ભાવ પ્રકાશ કરવાની જરૂર છે. વ-ર્જિલથી લઇને બ્રાઉનિં સુધી મોટા મોટા સાહિત્ય–શિલ્પીઓ એને ભૂલ્યા નથી. નાની કહાણીમાં એની બહુ જરૂર છે. નાની વાર્તા જ્યાં વાતચિતનો વ્યવહાર કરવામાં આવ્યો હોય ત્યાં દરેક વાતની વિશેષ ઉપયોગિતા રહેવી જોઇએ. નવલકથામાં બે ચાર નકામી વાતો વાપરી શકાય છે—નાની કહા-ણીમાં તેમ નહિ જોઇએ. સાધારણ વાંચનાર કદાચ સામાન્ય ભૂલ જોઇ શકશે નહિ પણ વિવેચન કરનારાઓ શિલ્પની આંખથી તે પકડાશે ને પકડાશે. તેથી નાની વાર્તા ધીરે ધીરે લખવી તથા ઘણીવાર સુધારવી જો-ઇએ. સાધારણ રીતે ગમે તો નવલકથા હો કે નાની વાર્તા હો વાતચિત વાપરવી એ કંઇ સહેલું કામ નથી. હાસ્યરસની અવતરણાની વખતે ઉલટો વાતચિતનો વ્યવહાર કર્યાથી ચાલે, કારણ કે હાસ્યરસ જમાવવા માટે એક બે નકામો બકવાદ પણ નકામો થતો નથી; પરંતુ ગંભીર વિષયની અવ-

તરણામાં ધસુીક વખતે વાતચિતના વપરાશથી રચનાની સૌન્દર્ય હાનિ થાય છે.

નાટકના જેવું નાની વાર્તામાં પણ દરેક લીટીએ જોનારનું તથા વાંચનારનું મન વિંધવાની જરૂર છે. તો પણ નાટકમાં જે પ્રભાવ ક્ષણસ્થાયી થયાથી ચાલે છે, નાની વાર્તામાં તે ભાવ વધારે લાંબી મુદત સુધી રહેવાની જરૂર છે. વળી એક હિસાબે નાટકકારને વધારે મુશ્કેલી છે, કારણ કે, જોનારાઓમાં જ્યાં એક જાતના માણસો હોય છે, તેઓને સંતુષ્ટ કરવા પડે છે. નાની વાર્તાના લખનારને તેમ કરવું પડતું નથી તે ઇચ્છે તો કેવળ સુશિક્ષિત વાંચનારને માટે રચના કરી શકે છે.

રચના કૌશળ પણ સાહિત્ય-શિલ્પનું એક મોટું અંગ છે. અને તે નહિ હોય તો રચના સ્થાયી થતી નથી. તો પણ જેઓ ભાષાનો બહાર શોધવા જતાં ભાવદૈન્ય પ્રકાશ કરે છે, જેઓ ભાષાનું સૌન્દર્ય વધારવા જતાં રચનાનું ફીણુ દઇને ઘણું લંબાણુ કરી નાખે-તેઓ ખરા શિલ્પીની રચના કૌશળથી અજાણુ છે.

નાની વાર્તામાં કંઇક મૂળ તથા આન્તરિકતા રહેવાની જરૂર છે.
